**સુવિચાર**
''ચમચો જે વાસણમાં રહે છે, એ વાસણને એ ખાલી કરી નાખે છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૮/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
ગણેશ ચતુર્થી નિમિતે...
ઓરીયો ચોકલેટ મોદક
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા સુદ-૪ વર્ષ : ૧૬ અંક : ૨૧૭

## પશુપાલકો ગૌ–માતાને સાથે લઈને રજૂઆત કરવા પહોંચ્યા

# સાવરકુંડલાનાં સીમરણ ગામમાં ગૌચર જમીનમાં વ્યાપક દબાણ

પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર પાઠવીને પશુપાલકોએ વ્યથા વર્ણવી

સીમરણ ગામની ૧૮૦૦ વીઘા ગૌચર જમીનમાંથી ૧૧૦૦ વીઘામાં વ્યાપક દબાણ

ગામમાં માત્ર ૧૦૦ વીઘા જમીન ચરીયાણ થઈ શકે તેવી સ્થિતિમાં હોવાનું જણાવાયું

પ્રાંત અધિકારીએ નિયમાનુસાર કાર્યવાહી કરવાની પશુપાલકોને હૈયા ધરપત આપી





અમરેલી, તા.૨૬
ગામડાઓમાં ગૌચરના દબાણથી પશુપાલકો માલધારીઓ હેરાન પરેશાન છે ને પશુઓ માટે ગૌચર પર દબાણ હોવાથી પશુઓને ચરિયાણ ન રહેતા પશુપાલકો, માલધારીઓ પોતાના વ્હાલસોયા પશુઓ પર આજીવિકા હોય ત્યારે સાવરકુંડલાના સીમરણ ગામના પશુપાલકો પોતાના પશુઓને લઈને સાવરકુંડલા પ્રાંત કલેક્ટર, મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા.

સીમરણ ગામમાં ૧૮૦૦ વિઘા ગૌચર જમીન આવેલી છે પણ ૧૧૦૦ વિઘા ગૌચરની જમીન પર દબાણ થઈ ગયું હોય ત્યારે બાકી રહેલા ૭૦૦ વિઘામાંથી ૧૦૦ વિઘા જમીનો જ

અનુસંધાન પાના ૬ ઉપર

## ઝેરી દવા, ગળાફાંસો અને માર્ગ અકસ્માતની ઘટનામાં

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અપમૃત્યુનાં 3 બનાવો પોલીસ દફતરે નોંધાયા

અમરેલી, તા.૨૬
અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અપમૃત્યુના ત્રણ બનાવો પોલીસમાં નોંધાતા જે તે પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં ખાંભા તાલુકાના ડેડાણ ગામે જામકા રોડ ઉપર

અનુસંધાન પાના ૬ ઉપર

## ભાઈની દીકરી અને બેનનો દીકરો ભાગી જતા માથાકુટ

# હદ થઈ : બગસરાનાં સાપર ગામે દીકરી ભગાડી જવાના પ્રશ્ને ભાઈએ સગ્ગી બહેનને મોતને ઘાટ ઉતારી

## બહેનની સાસુને પણ છરી વડે ઈજા કરતા સારવારમાં ખસેડાયા





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા.૨૬
બગસરા તાલુકાના સાપર ગામે આજે વહેલી સવારે બે પરિવારો વચ્ચે દીકરી ભગાડી ગયાના મનદુ:ખને કારણે થયેલ માથાકૂટમાં દીકરીના પિતાએ બે મહિલાઓને છરીના ઘા માર્યા હતા જેમાં એકનું મોત નીપજયું હતું જયારે બીજી મહિલા ગંભીર હાલતમાં રાજકોટ ખસેડવામાં આવેલ છે.

મળેલ વિગતો મુજબ બગસરા તાલુકાના સાપર ગામે આજે સવારે હત્યાની ઘટના બની હતી જેમાં ફરિયાદી અરવિંદભાઈ બચુભાઈ રાઠોડ (ઉંમર વર્ષ ૫૦) એ પોલીસને આપેલ નિવેદન મુજબ તેમનો પુત્ર હાર્દિક આરોપી નરેશભાઈ ચૌહાણ હાલ રહેવાસી જુનાગઢની પુત્રી ખુશી સાથે પ્રેમ સંબંધ હોવાને કારણે બંને ઘરમાં કોઈ પ્રકારની જાણ વગર ઘરેથી ભાગી ગયા હતા જેને કારણે આરોપી નરેશભાઈ ચૌહાણને મનદુ:ખ થતા આજરોજ મંગળવારના સવારે ૧૦ વાગ્યા આસપાસ ફરિયાદી અરવિંદભાઈ રાઠોડને ઘરે આવી પહોંચ્યા હતા જયાં બે પરિવારો વચ્ચે માથાકૂટ થઈ હતી જેમાં આરોપી નરેશભાઈએ ફરિયાદી અરવિંદભાઈના ઘરની દિવાલ કૂદીને તેમની માતા મણીબેન તથા પત્ની ગીતાબેન પર છરી વડે હુમલો કર્યો હતો. જેમાં આરોપી નરેશભાઈની બહેન ગીતાબેનનું મોત નીપજયું હતું તેમજ મણીબેનને ગંભીર હાલતમાં રાજકોટ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આમ પોતાની દીકરી ભગાડી ગયાના બંદૂકમાં ભાઈએ પોતાની બહેનને મોતને ઘાટ ઉતારી હતી. આ ઉપરાંત આરોપી દ્વારા ફરિયાદીના ઘરમાં ભાંગ તોડ કરી ૪,૦૦૦નું નુકસાન કર્યા અંગેની ફરિયાદ બગસરા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલ છે તપાસ પી.આઈ. ગીડા ચલાવી રહ્યા છે.

Sheetal
ICE CREAM
જોઈએ છે
ડ્રાઈવર
(હેવી લાઈસન્સ હોવુ જરૂરી)
અનુભવી અને ઈમાનદાર વ્યક્તિ એ
નીચે મુજબના સરનામે ઓરીજનલ
હેવી લાઈસન્સ અને આધાર કાર્ડ સાથે માત્ર રૂબરૂ મળવું.
રૂબરૂ મળવાનો સમય : સવારે 9 થી 11
સંપર્ક : જીતેન્દ્રભાઈ HR મેનેજર
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601.

ડો.હિતેષ શાહની પાંચમી પૂણ્યતિથિએ સ્મરણાંજલિ

ડો. હિતેષ બી. શાહ (શ્રવણ હોસ્પિટલ - અમરેલી)
સ્વ.તા. ૨૭-૦૮-૨૦૨૦, ગુરૂવાર
સ્નેહ, સમતા, સેવા અને સદ્ભાવમય, સરળ તેમજ અર્થસભર જીવનથી સર્વોને પ્રેમ અને પુરૂષાર્થથી મહેકતા કરીને અચાનક આપની વિદાયને પાંચ વર્ષ થયા, ત્યારે આપની દિવ્યતાને સહૃદયે સ્મરણાંજલિ અર્પિત.......
લી.
અમરેલી એક્સપ્રેસ
અમરેલી એક્સપ્રેસ પરિવાર - અમરેલી.

ડો.હિતેષ શાહની પાંચમી પૂણ્યતિથિએ સ્મરણાંજલિ

ડો. હિતેષ બી. શાહ (શ્રવણ હોસ્પિટલ - અમરેલી)
સ્વ.તા. ૨૭-૦૮-૨૦૨૦, ગુરૂવાર
છોડીને અમને તું જતો રહ્યો મિત્ર, આપણી વધેલી દોસ્તી પાછી લાવ
સંગીત સાહિત્ય સંસ્કૃતિને એવું બધું, બાકી રહેલી ચર્ચાઓ પાછી લાવ
ગામ ભાગોળની ચા અને અખંડ વાતો, અડધી રાતના ઉજાગરા પાછા લાવ
ભમશું દુનિયા દર વર્ષે, તું કહેતો, અધૂરા રહેલા સપના પાછા લાવ
રોજ સાંજ પડેને યાદ તારી આવે છે, દિવસ ભરની સ્મૃતિ પાછી લાવ...
લી.
ડૉ. તુષાર બોરાણિયા
ડો.ભાવેશ રામાનુજ
સંદિપ ત્રિવેદી
ડો.દર્શન શુકલ
પંકજ ચૌહાણ
રમેશ ચૌહાણ
અજીત વાળા
ડો.કિર્તેશ દવે
મનિષ બોરડ
અભિલાષ મિસ્ત્રી
મેહુલ ભટ્ટ
ડો.જીજ્ઞેશ પટેલ
મનોજ કાલાવડીયા
તરૂણ પંડયા

### ઈફ્કોનાં ચેરમેન દિલીપ સંઘાણીએ સાંત્વના પાઠવી

# જાફરાબાદમાં દરિયાઈ તોફાનમાં જીવ ગુમાવનાર માછીમારોનાં પરિવારજનોને સાંત્વના પાઠવાઈ

### લાપતા બોટ અને નાવિકોને શોધવા સરકારને અનુરોધ કર્યો



અમરેલી, તા. ૨૬

કૂદરતી આફત સામે સતત ઝઝુમવાની ક્ષમતા ધરાવતા લોકો એટલે સાગર ખેડૂ પરિવારમાં તાજેતરમાં જાફરાબાદના દરીયાકાંઠે બનેલી દુ:ખદ ઘટનાએ સમગ્ર જીલ્લામાં શોકની લાગણી ફેલાવી છે. દરીયામાં માછીમારી કરવા ગયેલ નાવીક સાથેની બોટ તોફાની હવામાનના અસરના કારણે મુશ્કેલીમાં ફસાઈ જતા ૧૧ જેટલા ખલાસીઓ લાપતા થયેલ હતા અનેક દિવસના શોધખોળના અંતે ૨ (બે) ખલાસીઓના મૃતદેહ મળી આવ્યા છે જેથી દરીયાકાંઠાના પરિવારોમાં દુખની લાગણી ફેલાણી છે આ દુ:ખદ ઘટનાથી વ્યથીત ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી જાફરાબાદ પહોચ્યા હતા જયાં લાપતા ખલાસીઓના પરિવારને રૂબરૂ મળી હૈયાધારણ આપી હતી તેમજ સદગતના પરિવારોને મળીને શાંત્વના પાઠવી હતી.

દિલીપ સંઘાણીએ જણાવેલ કે હજુ લાપતા બોટ અને નાવિકોની શોધખોળ માટે ડ્રોન ઉપગ્રહોની મદદ લેવા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવશે આ તકે સંઘાણી સાથે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, ખરીદ વેંચાણ સંઘ પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, જીલ્લા બેંક ડીરેકટર યોગેશભાઈ બારૈયા, જીલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ ચેતનભાઈ શિયાળપૂર્વ નગર પ્રમુખ સરમણભાઈ, પ્રવિણભાઈ બારૈયા, જીવનભાઈ બારૈયા, ભગુભાઈ સોંલકી, કનૈયાલાલ, મનુભાઈ ધાખડા સહિત સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહયા હતા તેમ અખબારી યાદીના અંતમાં જણાવેલ છે.

### જિલ્લા કલેક્ટર સમક્ષ રજુઆત

# બાબરાનાં પાનસડા ગામે થયેલ દબાણ દુર કરવામાં તંત્ર ઢીલુઢફ

### અરજદારે ટીડીઓની નિષ્ક્રીયતા દર્શાવી

બાબરા, તા. ૨૬

બાબરા તાલુકાના પાનસડાં ગામના ખીમજીભાઈ ગોબરભાઈ કાચા દ્વારા જિલ્લા કલેકટરને પત્ર લખી રજુઆત કરવામાં આવેલ છે કે પાનસડા ગામે સર્વે નંબર ૨૨૫ પૈકી બિનખેતી વાળી જમીનના પ્લોટમાં પ્લોટ નંબર ૭ પૈકીની ૩૩૪–૦૫ ચોરસ મીટર પ્લોટની નજીકની જગ્યામાં જાહેર રસ્તામાં દબાણ દૂર કરવા માટે પાંચ મહિનાથી રજુઆત અરજ કરવા આવેલ હોવા છતાં આજ દિન સુધી સ્થાનિક તંત્ર દ્વારા દબાણ દૂર કરવામાં આવેલ નથી. નાના એવા ગામમાં જાહેર રસ્તા પર દબાણના કારણે વૈમનશ્ય અને માનવ અથડાણ થવાની સંભાવના છે. તાલુકા વિકાસ તેમજ દબાણ કર્તાઓ દ્વારા હજુ દબાણ દૂર કરવામાં આવેલ નથી જેથી તાકીદે દબાણ દૂર કરવામાં આવે તેવી લાગણી અને માગણી અરજદાર દ્વારા જિલ્લા કલેકટર પાસે કરવામાં આવી છે.

# ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી બનેલી ગણપતિની મૂર્તિ : જુનાગઢના દંપતિ કમાયા ૨.૫ લાખ



અમરેલી, તા. ૨૬

ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં પર્યાવરણપ્રેમી અને સ્વદેશી વિચારોથી પ્રેરાઈ અનેક લોકો પરંપરાગત પધ્ધતિઓને અપનાવીને નવા પ્રયોગ કરી રહ્યા છે. તેમાં એક અનોખો પ્રયોગ જુનાગઢ શહેરનાં ઝાંઝરડા રોડ ઉપર રહેતા ધીરજભાઈ ભરાણી અને તેમની પત્નીએ કર્યો છે. તેમણે ગાયના ગોબર અને ગૌમૂત્રનો ઉપયોગ કરીને ગણેશજીની મૂર્તિ બનાવવાનું કાર્ય ૨૦૧૫ માં શરૂ કર્યુ હતું. આજે, તેમની આ પહેલ એટલી સફળ બની છે કે દર વર્ષે તેઓ સેંકડો મૂર્તિઓનું વેચાણ કરી લાખો રૂપિયાની આવક મેળવી રહ્યા છે.

**શરૂઆત નાની, પરંતુ સપનો મોટા**

ધીરજભાઈ કહે છે કે, "પ્રથમ વર્ષે જયારે અમે આ મૂર્તિઓ બનાવવાની શરૂઆત કરી ત્યારે માત્ર ૭,૦૦૦ જેટલી જ આવક થઈ હતી. પરંતુ ધીમે ધીમે લોકો સુધી વાત પહોંચી અને તેમની માંગ વધવા લાગી. હવે દર વર્ષે અમારી પાસેથી લોકો ખાસ ગણપતિ ખરીદવા આવે છે."

પ્રથમ વર્ષમાં થોડીક જ મૂર્તિઓ બનાવી વેચી હતી, પરંતુ આજે દંપતિ દર વર્ષે ૫૦૦થી વધુ ગણપતિની મૂર્તિઓ બનાવે છે. આ વર્ષે માત્ર આ મૂર્તિઓમાંથી જ તેમને રૂા. ૨.૫ લાખનું વેચાણ થયું છે.

**ગૌશાળાનું આધાર, ગૌધનનો ઉપયોગ**

ધીરજભાઈની પોતાની એક ગૌશાળા છે, જેમાં હાલ ૬૩ ગાય છે. આ ગાયોમાંથી મળતા ગોબર અને ગૌમૂત્રનો ઉપયોગ માત્ર ગણેશજીની મૂર્તિ બનાવવા જ નહીં, પરંતુ અન્ય અનેક પ્રોડકટસ માટે પણ થાય છે. દંપતિએ ગૌધનમાંથી લગભગ ૩૦ જેટલી અલગ અલગ વસ્તુઓ બનાવવાની શરૂઆત કરી છે, જેમ કે : અગરબત્તી, દીવા, રસોડામાં ઉપયોગી વસ્તુઓ, ઘરની સજાવટના સામાન તેમજ પર્યાવરણમૈત્રી કૃષિમાં વપરાતા પદાર્થો આ તમામમાંથી ગણપતિની મૂર્તિનું વેચાણ સૌથી વધુ થાય છે અને લોકપ્રિયતા પણ વધારે છે.

**મૂર્તિ બનાવવાની પ્રક્રિયા: શ્રમસાધ્ય કામ**

એક ગણપતિની મૂર્તિ બનાવવા માટે સરેરાશ ૧૫ થી ૧૭ દિવસનો સમય લાગે છે. ગાયના ગોબરને એકત્ર કરીને તેને સારી રીતે સુકવવામાં આવે છે. આ પ્રક્રિયા માટે ઓછામાં ઓછા ૧૫ દિવસ જરૂરી હોય છે. બાદમાં સુકાયેલા ગોબરથી મૂર્તિનુંઆકાર આપીને તેને પેઈન્ટ કરવામાંઆવે છેઅનેશણગાર કરવામાં આવે છે.

ધીરજભાઈ જણાવે છે કે, મૂર્તિ સુંદર દેખાય અને આધ્યાત્મિક ભાવના સાથે જોડાય તે માટે અમે ખાસ કાળજી લઈએ છીએ. પેઈન્ટિંગ અને શણગાર સાથે મૂર્તિ સંપૂર્ણ રૂપે તૈયાર થાયછે.

મૂર્તિઓ બનાવવાની શરૂઆત દર વર્ષે લગભગ આઠ મહિના પહેલા કરવામાં આવે છે જેથી તહેવાર પહેલા પૂરતી સંખ્યામાં મૂર્તિઓ તૈયાર થઈ શકે.

**પર્યાવરણમૈત્રી વિસર્જન: ઘરમાં જ ખાતર બની જાય**

આ મૂર્તિઓની સૌથી મોટી વિશેષતા એ છે કે વિસર્જન વખતે તેને દરિયામાં કે નદીમાં નાંખવાની જરૂર નથી. ધીરજભાઈ કહે છે કે, અમારી મૂર્તિ ઘરમાં રહેલા ફૂલછોડના કુંડામાં જ વિસર્જન કરી શકાય છે. કારણ કે આ મૂર્તિ ગાયના ગોબરથી બનેલી હોવાથી વિસર્જન બાદ તે જમીન માટે ઉત્તમ ખાતર બની જાય છે.

ગાયના ગોબરમાં કુદરતી પોષક તત્વો રહેલા હોય છે, જેના કારણે તે જમીનની ઉપજક્ષમતા વધારવામાં મદદરૂપ બને છે. આમ, આ મૂર્તિ પૂજાપાઠ બાદ પણ પર્યાવરણ માટે ઉપયોગી સાબિત થાય છે.

**લોકપ્રિયતા વધતી જાય છે**

ગણપતિ તહેવાર દરમિયાન સામાન્ય રીતે પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી) અને રંગોથી બનેલી મૂર્તિઓ વપરાય છે, જે વિસર્જન બાદ નદીઓ અને દરિયાને પ્રદૂષિત કરે છે. પરંતુ ધીરજભાઈની આ ઈકો–ફ્રેન્ડલી મૂર્તિઓ પર્યાવરણપ્રેમી લોકો માટે એક સારો વિકલ્પ બની છે.

જુનાગઢ જ નહીં, પરંતુ આજુબાજુના તાલુકાઓ તેમજ સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાંથી લોકો આ મૂર્તિ ખરીદવા માટે આવે છે. કેટલાક ઓર્ડર તો અમદાવાદ અને રાજકોટ જેવા શહેરોમાંથી પણ મળે છે.

**ગૌધન આધારિત જીવનશૈલી તરફ પ્રેરણા**

આ દંપતિએ માત્ર ગણપતિની મૂર્તિઓ જ નહીં, પણ ગાય આધારિત ખેતી અને જીવનશૈલીને પણ પ્રોત્સાહિત કરી છે. તેઓ માને છે કે ગાયનો ગોબર અને ગૌમૂત્ર માત્ર ધાર્મિક કે પરંપરાગત ઉપયોગ માટે જ નહીં પરંતુ કૃષિ, પર્યાવરણ સંરક્ષણ અને રોજગારી માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે.

ધીરજભાઈ કહે છે કે, ગાયથી આપણને દૂધ મળે છે, પરંતુ ગાયનું ગોબર અને ગૌમૂત્ર પણ એટલું જ મૂલ્યવાન છે. તેનો યોગ્ય ઉપયોગ કરીએ તો તે ખેતીને સમૃદ્ધ કરે છે અને પર્યાવરણને સાચવે છે.

**આવક સાથે સેવા ભાવ**

દંપતિની આ પહેલ માત્ર આવકનો શ્રોત નથી, પરંતુ ગૌસેવા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપે છે. પ્રથમ વર્ષની નાની આવકથી લઈને આજે લાખો રૂપિયાના વેપાર સુધીનો તેમનો પ્રવાસ અનેક લોકોને પ્રેરણા આપે છે.

આજે, જયારે પર્યાવરણ પ્રદૂષણની સમસ્યાઓ વધતી જાય છે ત્યારે આવી ઈકો–ફ્રેન્ડલી પહેલો સમાજ માટે મહત્વની બની જાય છે. ગણપતિ તહેવારમાં ધીરજભાઈ અને તેમની પત્ની દ્વારા બનાવેલી મૂર્તિઓ લોકોને આધ્યાત્મિક સંતોષ આપતા હોવા ઉપરાંત કુદરત સાથેનો સબંધ મજબૂત કરે છે.

### ડો. કાનાબારનાં માર્ગદર્શનતળે અનુકંપા ફાઉન્ડેશન દ્વારા


# અમરેલી જિલ્લાનાં ૨૫૧ વડીલોને આગામી મહિને સોમનાથ–દ્વારકાની તીર્થયાત્રા વિનામુલ્યે કરાવાશે

### તીર્થયાત્રામાં જ્ઞાતી–જાતીના ભેદભાવ વગર સૌ વડીલો જોડાઈ શકશે

અમરેલી, તા. ૨૬

અમરેલી સ્થિત અનુકંપા ફાઉન્ડેશને અમરેલી જીલ્લાના ૧૦૦૦ વડીલોને તુલશીશ્યામ–સોમનાથ–પોરબંદર–દ્વારકા–વીરપુરની તીર્થયાત્રા વિનામૂલ્યે કરાવવાનો સંકલ્પ કરેલ છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં ૧૦૦ જેટલા વડીલોને સંસ્થા આ તીર્થયાત્રા પૂર્ણ કરાવી ચુકી છે.

અનુકંપા ફાઉન્ડેશનના પ્રમુખ ડો. ભરત કાનાબારના જણાવ્યાં પ્રમાણે, આવતા સપ્ટેમ્બર મહિનામાં સંસ્થા દ્વારા ૫ બસોમાં એકી સાથે ૨૫૧ જેટલા સીનીયર સીટીઝનોને આ યાત્રા









કરાવાશે. ત્રણ દિવસ ચાલનારી આ યાત્રામાં સોમનાથ અને દ્વારકામાં એક એક રાત્રિનું રોકાણ થશે.

આ યાત્રાને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આંશિક આર્થિક મદદ મળે છે. આ ઉપરાંત સંસ્થાને આ યાત્રાના ખર્ચને પહોંચી વળવા સ્વ. જગુભાઈ ગોલ (વરૂડી વાળા)ના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી રૂા. ૭૫,૦૦૦, સ્વ. કિરણબેન કાળુભાઈ ભંડેરીના સ્મરણાર્થે કાળુભાઈ ભંડેરી દ્વારા રૂા. ૭૫,૦૦૦, સ્વ. ડાયાભાઈ નાથાભાઈ ઉંધાડના સ્મરણાર્થે પૂર્વમંત્રી બાવકુભાઈ ઉંઘાડ તરફથી રૂા. ૭૫,૦૦૦, સ્વ. અન્નુભાઈ સોઢાના સ્મરણાર્થે તેમના પરિવારના ભાવેશભાઈ, વિપુલભાઈ તથા ચેતનભાઈ સોઢા તરફથી રૂા. ૭૫,૦૦૦ અને અમરેલી જીલ્લા આયુષ ડોકટર્સ એસોસિએશન તરફથી રૂા. ૨૧,૦૦૦નું અનુદાન પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત ડો. ચંદ્રેશભાઈ ખુંટ તરફથી રૂા. ૧૧,૦૦૦, ડો. હિતેષ રામાણી (કુંકાવાવ) તરફથી રૂા. ૧૧,૦૦૦, ડો. ભાવેશ ઘસડીયા તરફથી રૂા. ૧૧,૦૦૦, ડો. આરીફ મલેક (જાફરાબાદ) તરફથી રૂા. ૧૧,૦૦૦, પ્રખ્યાત બાંસુરી વાદક અનિલભાઈ ઠાકર તરફથી રૂા. ૧૧,૦૦૦ અને ડો. આનંદ કામળીયા તરફથી રૂા. ૫૧૦૦, ડો. વિનુભાઈ ધામત તરફથી રૂા. ૫૧૦૦, ડો. આર.બી. શિરોયા તરફથી રૂા. ૫૧૦૦, ડો. પ્રણવ શાપરીયા તરફથી રૂા. ૫૧૦૦, ડો. પી.આર. કાપડીયા તરફથી રૂા. ૫૧૦૦ તથા ડો. પીયુષભાઈ ગોસાઈ તરફથી રૂા. ૫૧૦૦નું અનુદાન સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.

આ યાત્રાનો લાભ લેવા ઈચ્છતા વડીલોએ પોતાના આધારકાર્ડની ત્રણ ઝેરોક્ષ, એક પાસપોર્ટ સાઈઝ ફોટો અને બેન્ક પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ સાથે સંસ્થાના નીચે પૈકી કોઈપણ એકનો સંપર્ક કરવો.

(૧) ચેતનભાઈ રાવળ–મો. ૯૫૭૪૦ ૯૫૪૪૪, (૨) મધુભાઈ આજુગીયા–મો. ૯૬૬૨૫ ૩૨૮૨૮ (૩) કમલેશભાઈ ગરાણીયા – મો. ૯૮૭૯૫ ૯૪૩૦૨ (૪) નયનભાઈ જોષી (બેદી)–મો. ૯૪૨૮૭૯૫૧૫૧ યાત્રા સપ્ટેમ્બર મહિનાના બીજા કે ત્રીજા અઠવાડીયામાં યોજાશે.

### ભાજપનાં અગ્રણી ભાસ્કરભાઈ પટેલની માંગ

# ભાઈ સા'બ : લીલીયા પંથકનાં ખેડૂતોને નીલગાય અને ભૂંડના ત્રાસમાંથી મુકત કરાવો

### ખેડૂતોની વર્ષો જુની સમસ્યા દુર કરવા માંગ

અમરેલી, તા. ૨૬

લીલીયા તાલુકામાં રોઝ અને ભૂંડનો ખુબ જ ત્રાસ છે. ખેડૂતે મહામહેનતે ઉગાડેલો પાક રોઝ અને ભૂંડ ખાય જાય છે. તાર ફેન્સીંગ હોવા છતાં રોઝ અને ભૂંડ ખેતરમાં તાર તોડીને ઘૂસી જાય છે અને પરસેવો પાડીને ઉગાડેલો પાક એક જ રાતમાં સાફ કરી નાખે છે. જેથી ખેડૂત લાચાર અને વિવશ બની જાય છે. ખેડૂતોની ફરિયાદ લાંબા સમયથી છે. જેનો હલ થતો નથી. સરકાર આ બાબતે ખેડૂતની મદદે આવે તો ખેડૂતની મુશ્કેલી ઓછી થાય.

રોઝ અને ભૂંડને જંગલમાં મૂકી આવવા જોઈએ જેથી સિંહને ખોરાકની શોધમાં ભટકવુ ન પડે અને ખેડૂતને રોઝ અને ભૂંડના ત્રાસમાંથી મુકિત મળી જાય. સરકાર આ બાબતે ગંભીરતાપૂર્વક વિચારણા કરી ખેડૂતને મદદરૂપ થાય તેવી લોક માંગણી ઉભી થઈ છે. તેવું આ વિસ્તારના ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવે છે.

### ટ્રાફિકથી ધમધમતા માર્ગની અવદશા

# બાબરાનાં રાજમાર્ગ ઉપર વરસાદી પાણીનાં કારણે ઠેકઠેકાણે ગાબડા

### શહેરીજનોમાં નારાજગીનો માહોલ

બાબરા, તા. ૨૬

બાબરામાં થોડાં દિવસો પહેલા શહેરમાં જોરદાર વરસાદ પડતાં અહીંની મુખ્ય બઝાર સીસી રોડનું ધોવાણ થતા નાના મોટા ખાડા પડયા છે જેના કારણે બઝારમાં નીકળતા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવાની ફરજ પડે છે અમુક દુકાન આગળ તો મસ મોટા ખાડા પડી ગયા હોય જેના કારણે વાહન ચાલક સ્લીપ થઈ રહ્યા છે અકસ્માત સર્જાય રહ્યા છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સ્થાનિક વેપારી કશ્યપભાઈ જોગી સહીતના બઝારના વેપારીઓ દ્વારા રોડ રસ્તાની મરામત કરવાની માંગ કરેલ છે.

### અધિક કલેકટરે ગંભીર નોંધ લીધી

# લીલીયા મોટા : માથાના દુ:ખાવારૂપ બનેલ ભુગર્ભ ગટરનો પ્રશ્ન હલ કરવા તાકિદ

### મામલતદાર કચેરી ખાતે બેઠક યોજાઈ



લીલીયા, તા. ૨૬

લીલીયામાં પાછલા કેટલા સમયથી નાવલી બજાર, મેઈન બજાર સહિત વિવિધ વિસ્તારોમાં ગટર ન પાણી નદીના વહેણની જેમ વહી રહ્યા છે. તેને લઈ સમગ્ર શહેરની નર્કાગાર સમાન સ્થિતિ છે. આ પ્રશ્ન સ્થાનિક સામાજિક કાર્યકર વિજયભાઈ વિરાણી એ ભૂગર્ભ ગટર પ્રશ્ન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરેલ અનેઆ પ્રશ્ન તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજૂ કરવામાં આવેલ તે અનુસંધાને લીલીયા મામલતદાર કચેરી ખાતે અધિક કલેકટર ની અધ્યક્ષતામાં સ્વાગત કાર્યક્રમ અંતર્ગત મીટીંગ મળેલ. જેમાં સામાજિક કાર્યકર વિજયભાઈ વિરાણી ને રૂબરૂ બોલાવી ભૂગર્ભ ગટર પ્રશ્નની સમીક્ષા કરવામાં આવેલ. આ તકે ગ્રામ પંચાયત સરપંચ જીવનભાઈ વોરા ને દિન આઠમાં ભૂગર્ભ ગટરના પ્રશ્ન હલ કરવા અને શહેરના વિવિધ વિસ્તારમાં નિયમિત સ્વચ્છતા માટે આયોજન કરી કામ કરવા તાકીદ કરેલ .આ તકે મામલતદાર બી.એમ. પટેલ, ટી.ડી.ઓ. સહિતના અધિકારીઓ, કર્મચારીઓ અને અરજદારો હાજર રહેલ.

## લોક સાહિત્ય સેતુનાં સ્થાપક પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીની નિવૃતિ વિદાય સાથે

# અમરેલી ખાતે સ્વ. ડો. પ્રતાપ પંડયાને સ્મરણાંજલિ અર્પણ કરાઈ

ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો

માનવ મંદિરનાં પૂ. ભક્તિરામબાપુ, ડો. ભરત કાનાબાર, મોટાભાઈ સંવટ, અશ્વિન સાવલિયા ઉપસ્થિત રહ્યા

સ્વ. પ્રતાપભાઈ પંડયાનાં સાહિત્ય અને સેવાનાં ક્ષેત્રમાં યોગદાનને યાદ કરવામાં આવ્યું

મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને નમૂનારૂપ બનાવ્યો










અમરેલી, તા.૨૬

લોકસાહિત્ય સેતુ પરિવાર-અમરેલી દ્વારા અમરેલીના પનોતા પુત્ર, શિક્ષણવિદ, પુસ્તક પરબના પ્રણેતા, દાનવીર અને ગાંધી મૂલ્યોને જીવંનપર્યંત જતન કરનાર એવા અમરેલી જિલ્લાનું વિ કક્ષાએ નામ રોશન કરવામાં જેમનો અગ્રીમ ફાળો છે તેવા સ્વ. ડો. પ્રતાપભાઈ પંડયાની પાંચમી પુણ્યતિથિએ તેમને સ્મરણાંજલિ આપવાનો તેમજ વિવંદનિય લોક સંત પૂ. મોરારિબાપુના રૂડા આશીર્વાદથી લોકસાહિત્ય સેતુ-અમરેલી જેવી સંસ્થાની સ્થાપના કરનાર મહેન્દ્રભાઈ જોષીના સ્વૈચ્છિક નિવૃત્તિ નિર્ણયનો કાર્યક્રમ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સહકારી કાન્તિના પ્રણેતા, એન.એસ.યુ.આઈ., ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના પ્રમુખ સ્થાને યોજાઈ ગયો. માનવ મંદિર સાવરકુડલાના મહંત અને સમગ્ર જીવસૃષ્ટીની કરૂણામય સેવા કરતા પૂ. ભકિતરામબાપુ, પ્રદેશ ભાજપના અગ્રણી, લોકપ્રશ્નોપ્રત્યે હંમેશા જાગૃત ડો. ભરતભાઈ કાનાબાર, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, અનેક સામાજિક સંસ્થાઓમાં મહત્વની જવાબદારી સંભાળતા મોટાભાઈ સંવટની વિશેષ ઉપસ્થિતમાં યોજાયેલા ગરિમામય અને ઝાઝરમાન કાર્યક્રમમાં સ્વ. ડો. પ્રતાપભાઈ પંડયાને ભાવભીની સ્મરણાંજલિ આપવામાં આવી હતી તેમજ લોકસાહિત્ય સેતુ સંસ્થાના સ્થાપક પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીને હૃદયભીનુ નિવૃત્તિ સન્માન આપવામાં આવ્યું હતું.

આ અસ્મરણીય કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા દિલીપભાઈ સંઘાણીએ સ્વ. પ્રતાપભાઈ પંડયાની સાથેના તેમના સંસ્મરણો યાદ કરતા જણાવ્યું હતું કે સ્વ. પ્રતાપભાઈ એક લોક શિક્ષક હતા. એક શિક્ષક હોવા છતાં પણ સમાજ માટે સમાજ ઉપયોગી અનેક કાર્યો કરી શકાય તેવું તેમણે સાબિત કરી દીધું હતું. પુસ્તક પરબના પ્રણેતા તરીકે અનેક પુસ્તકાલયો સ્થાપીને તેમણે માતૃભાષાને જીવંત રાખવાનું સરાહનીય કાર્ય તેઓ કરતા ગયા છે. તેમના આ કાર્યોને આપણે સહુએ આગળ વધારવા પડશે. લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીને તેમણે ૭૫ વર્ષ થવાથી સ્વૈચ્છાએ નિવૃત્ત થવાની અને યુવાનોને નેતૃત્વ સોંપવાની તેમની ઉદારતાને બિરાદાવી જણાવેલ હતું કે વર્તમાન સમયમાં હોદાઓ છોડવાનું કોઈ નામ લેતા નથી ત્યારે મહેન્દ્રભાઈએ સ્વૈચ્છીક હોદો છોડીને સમાજને એક નવી રાહ ચિંધિ છે. છેલ્લા ૧૧ વર્ષમાં લોકસાહિત્ય સેતુ દ્વારા કરાયેલી નિ:સ્વાર્થ કામગીરીને બિરાદાવી કલાકારોને અભિનંદન આપ્યા હતા તેમજ નવા વરાયેલા પ્રમુખ ઈતેશભાઈ મહેતાને અભિનંદન આપતા જણાવેલ હતું કે આગામી સમયમાં લોકસાહિત્ય સેતુ સંસ્થા દ્વારા નાના બાળ કલાકારોને પ્રોત્સાહિત કરવા એક જાહેર કાર્યક્રમ કરવા સુચન કરેલ હતું તેમજ બધી જ વ્યવસ્થા કરી આપવાની પણ તેમણે જાહેરાત કરી હતી.

પૂ. ભકિતરામબાપુએ સ્વ. પ્રતાપભાઈ પંડયાને ભાવાંજલિ આપતા જણાવ્યું હતું કે જેમનુ નામ જ પ્રતાપ હતું તો એ પરાક્રમી જ હોય એમા સંશય ના હોય. સમાજના ઉત્થાન માટે અનેક પરાક્રમી કાર્યો એમણે કર્યા હતા તે જગ જાહેર છે, એમના અધુરા કાર્યો પુરા કરવા તે આપણી ફરજ છે. લોકસાહિત્ય સેતુના સ્થાપક પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીના સ્વૈચ્છિક નિવૃત્તિના નિર્ણયને આવકારતા જણાવેલ હતું કે મોહ, માયા કે હોદાઓ માનવ છોડતા શીખી જાય તો સમાજની ઘણી ચિંતાઓ ઓછી થઈ જાય. નવા વરાયેલા યુવા પ્રમુખ ઈતેશભાઈ મહેતાના નેતૃત્વમાં લોકસાહિત્ય સેતુ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપી શુભકામના પાઠવી હતી.

ડો. ભરતભાઈ કાનાબાર દ્વારા પ્રતાપભાઈની સાથેના સંસ્મરણો યાદ કરીને તેમના દ્વારા કરાયેલી પુસ્તક પરબની પ્રવૃત્તિને બિરાદાવીને સ્મરણાંજલિ આપી હતી. લોકસાહિત્ય સેતુના સ્થાપક પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીના કાર્યોને યાદ કરીને તેમના નિર્ણયને આવકારીને અભિનંદન આપ્યા હતા તેમજ નવા વરાયેલા પ્રમુખ ઈતેશભાઈ મહેતાને અભિનંદન આપી કાયમી સહયોગ આપવાની ખાત્રી આપી હતી.

ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રષ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને અનેક સામાજિક સંસ્થાઓ જોડે જોડાયેલા મોટાભાઈ સંવટે સ્વ. ડો. પ્રતાપભાઈ પંડયાની અડતાળાથી અમેરિકા સુધીની તેમની રસપ્રદ જીવનયાત્રાને યાદ કરીને તેમના સંઘર્ષમય જીવનને યાદ કરીને હૃદયથી ભાવાંજલિ આપી હતી. ગુજરાત મૂલ્યનિષ્ઠ રચનાત્મક આગેવાન સ્વ. રતુભાઈ અદાણી સાથેના તેમના જીવંત સંબંધોને યાદ કરીને સ્વ. રતુભાઈ અદાણીએ તરવડા ગામે સ્થાપેલા સર્વોદય આશ્રમ (ચિકુ વાડી) માં રહેતા અને શિક્ષણ કાર્ય કરતા સ્વ. પ્રતાપભાઈને નાનપણમાં અનેકવાર ચિકુવાડીમાં મળવાનું થયું છે તેમ જણાવી પારિવારિક સંબંધોને યાદ કર્યા હતા. સાહિત્યપ્રેમી, સારા શિક્ષક, લેખક અને સમાજ સેવક તરીકે અનેક ગામો આજે પણ તેમને યાદ કરે છે. પુસ્તક પરબની દેશ તથા વિદેશમાં ૩૦૦ જેટલી શાખાઓ ખોલીને કરોડો રૂપિયાના પુસ્તકો અર્પણ કરીને ગુજરાતી ભાષાના સંવર્ધનમાં મોટું યોગદાન આપ્યું તેમાં તેમના ધર્મપત્નિ ગ. સ્વ. રમાબહેનનો પણ તેમને સહયોગ રહ્યો છે. સ્વ. પ્રતાપભાઈની અમેરિકા સ્થિત દિકરી અને આપણું ગૌરવ કુ. મનિષાબહેન પંડયા આજે પણ તેમના પિતાજીના કાર્યોને આગળ ધપાવી રહ્યાં છે. અમરેલી સાહિત્ય સર્જક પરિવાર તથા લોકસાહિત્ય સેતુ પરિવારને સ્વ. પ્રતાપભાઈના કાયમી આશીર્વાદ રહ્યાં છે. લોકસાહિત્ય સેતુ પરિવારના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીના નિવૃત્ત થવાના નિર્ણયને આવકારતા જણાવેલ કે આવો કઠીન નિર્ણય સમાજને પ્રેરણા આપવાનું કાર્ય કરે છે. છેલ્લા ૧૧ વર્ષના તેમની સાથે કરેલા કાર્યો અને કાર્યક્રમો હંમેશા યાદ રહેશે તેમ જણાવી નવા વરાયેલા પ્રમુખ ઈતેશભાઈ મહેતાને અભિનંદન આપી હંમેશા સહયોગની ખાત્રી આપી હતી.

આ ગરિમામય કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર ફી નિર્ધારણ સમિતિના સદસ્ય અને જિલ્લા માધ્યમિક શિક્ષક આચાર્ય સંઘના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, સૌરાષ્ટ્ર યુનિર્વસિટીના સદસ્ય દિપકભાઈ વઘાસિયા, જિલ્લા સહકારી સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, અમર ડેરીના વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, નારણભાઈ ડોબરીયા, વિ હિન્દુ પરિષદના પ્રમુખ વિજયભાઈ દેસાઈ, બાલભવનના ડાયરેકટર નિલેશભાઈ પાઠક, સાહિત્ય સર્જક પરિવારના કેતનભાઈ જોષી, ઉમેશભાઈ દેસાઈ, લોકસાહિત્ય સેતુના નિવૃત્ત થતા ટ્રસ્ટીઓ સર્વ હસુભાઈ જોષી, ગોવિંદભાઈ ગોંડલિયા, ગોરધનભાઈ સુરાણી, મહેન્દ્રભાઈ શુકલ, સોનલબેન જોષી, બિન્દુબહેન જોષી સહિત કવિઓ, સાહિત્યકારો, લેખકો, કલાકારો અને લોકોએ ઉપસ્થિત રહીને સ્વ. પ્રતાપભાઈ પંડયાને સ્મરણાંજલિ આપી હતી તેમજ મહેન્દ્રભાઈ જોષીને સન્માનિત કર્યા હતા.

આ તકે વિ પ્રસિધ્ધ પૂ. આપાગીગાની જગ્યાના મહંત પૂ. વિજયબાપુ દ્વારા સ્વ. પ્રતાપભાઈને સ્મરણાંજલિ સંદેશ આપ્યો હતો તેમજ લોકસાહિત્ય સેતુના નિવૃત્ત થતા પ્રમુખ અને પ્રવૃત થતા પ્રમુખ માટે શાલ રૂપી પ્રસાદી મોકલીને અભિનંદન પાઠવ્યા હતા. અમરેલી જિલ્લા સહકારી બેંક, અમર ડેરી, જિલ્લા સહકારી સંઘ, પટેલ વિદ્યાર્થી આશ્રમ, ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ-બાલભવન, અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર સહિત અનેક સંસ્થાઓ તથા લોકોએ મહેન્દ્રભાઈ જોષીનું સન્માન કર્યું હતું.

લોકસાહિત્ય સેતુ સમિતિના સર્વ દિપકભાઈ વઘાસિયા, સંજયભાઈ પંડયા, વિપુલભાઈ ભટ્ટી, રઘુભાઈ ભટ્ટ, બિનાબહેન શુકલ, શશિભાઈ રાજયગુરૂ, રમેશભાઈ જાદવ, પ્રવિણભાઈ કથિરીયા, ચન્દ્રકાંતભાઈ બારોટ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
લોનેબલ ટાઇટલ કિલિયર
બ્લોક નં. ૩૪૭, ઓમનગર, ચિત્તલ રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફ્લોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

Hero
સહકારી દૂધ મંડળીના ગ્રાહક મિત્રો માટે
ખૂશ ખબર...
₹2500/-
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Navnit Hero Mo. +91 92899 22254

Shreeji HOSPITAL
ડો. કાજલ બગડા
M.S.(Ayu.)
હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી રાહતદરે ઓપરેશનની સુવિધા
લાંબા સમયથી રૂજાતા-ઘા, નાડીવ્રણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેકશનનાં કારણે પરૂ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
સ્તનની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

|| વંદે માતરમ્ ||
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA
Shine 100 DX
SOLID HAI
BOOKINGS OPEN
Ex showroom ₹74,959/-
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

ગણેશ મહોત્સવ નિમિત્તે...
ડ્રાયફ્રુટથી ભરપુર શુધ્ધ ઘી માં બનેલ ચુરમાના સ્પે.લાડુ
મગજના લાડુ
મગીયા લાડુ
શહેરનું એકમાત્ર સ્થળ...
શિવ ફરસાણ માર્ટ
ભીડભંજન ચોક અમરેલી
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

### આવક ૩૫ ટકા ઘટવાની ભીતિ: FIEO

# અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફથી ભારતીય નિકાસકારો ચિંતિત

**ટેક્સટાઈલ, ચામડું, જ્વેલરી સહિતના વિવિધ ક્ષેત્રોમાં ૫૦ ટકા ટેરિફ લાગુ થવાનો છે જેના લીધે નિકાસકારોને મોટાપાયે નુકસાન તેમજ રોજગારીમાં કાપ મૂકાવાની ભીતિ**

વોશિંગ્ટન, તા.૨૬

ભારતના નિકાસકારો અમેરિકા દ્વારા આજે ૨૭ ઓગસ્ટથી લાગુ થનારા ૨૫ ટકા ટેરિફના કારણે ચિંતિત છે. ટેક્સટાઈલ, ચામડું, જ્વેલરી સહિતના વિવિધ ક્ષેત્રોમાં ૫૦ ટકા ટેરિફ લાગુ થવાનો છે. જેના લીધે નિકાસકારોને મોટાપાયે નુકસાન તેમજ રોજગારીમાં કાપ મૂકાવાની ભીતિ વ્યક્ત થઈ છે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (FIEO)એ અમેરિકાના ટેરિફ વૃદ્ધિને આઘાતજનક ગણાવ્યો છે. FIEO ના રિપોર્ટ અનુસાર, ટેરિફના કારણે ભારતની ૪૭-૪૮ અબજ ડોલરની અમેરિકામાંથી થતી નિકાસ આવકમાં ૩૦-૩૫ ટકાનો ઘટાડો થવાની ભીતિ વ્યક્ત કરી છે. જેના કારણે તેઓ વિયેતનામ, બાંગ્લાદેશ અને ચીનના હરીફો સામે બિનસ્પર્ધાત્મક રહેશે. FIEO ના પ્રમુખ એસ સી રાલ્હને જણાવ્યું હતું કે તિરુપુર, નોઈડા અને સુરત જેવા કાપડ કેન્દ્રોમાં ઉત્પાદન પહેલાંથી જ ઠપ થઈ ગયા છે, જ્યારે મરીનના નિકાસકારો ૪૦% વેચાણ માટે યુએસ પર આધાર રાખે છે, જેને નુકસાન થશે. આ સિવાય ચામડું, સિરામિક્સ, કેમિકલ, હસ્તકલા અને કાર્પેટ ઉદ્યોગને પણ માઠી અસર થશે.રાલ્હને ટેરિફના કારણે સંભવિત નુકસાનમાંથી ઉગરવા માટે નિકાસકારોને વિવિધ રાહતો આપવા ભલામણ કરી છે. જેમાં લોન ચૂકવણી પર એક વર્ષનો મોરેટોરિયમ, વ્યાજમાં ઘટાડો સહિત ક્રેડિટ રાહતો આપવાની જોગવાઈ છે. તેમણે યુરોપિયન યુનિયન, ગલ્ફ દેશો, લેટિન અમેરિકા સાથે મુક્ત વેપાર સંધિને વેગવાન બનાવવા પણ સલાહ આપી છે.ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવ દ્વારા જાહેર રિપોર્ટ અનુસાર, ભારતની અમેરિકામાં થતી નિકાસ ચાલુ નાણાકીય વર્ષમાં ૪૩ ટકા ઘટી ૪૯.૬ અબજ ડોલર થવાની શક્યતા છે. જેમાં કાપડ, જ્વેલરી, કારપેટની નિકાસમાં ૭૦ ટકા સુધીનો ઘટાડો નોંધાશે. નિકાસમાં આ ઘટાડો ભારતના જીડીપી ગ્રોથમાં ૦.૯ ટકાનું નુકસાન કરશે.

ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવના ફાઉન્ડર અજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, ભારતમાંથી અમેરિકા થતી કુલ નિકાસમાંથી ૩૦ ટકા પ્રોડક્ટ્સ હજુ પણ ડ્યુટી ફ્રી કેટેગરીમાં સામેલ છે. જ્યારે ૪ ટકા નિકાસ ૨૫ ટકા ટેરિફનો સામનો કરશે. આ સિવાય ૬૬ ટકા નિકાસ (કપડાં, ટેક્સટાઈલ, જેમ્સ-જ્વેલરી, કારપેટ અને ફર્નિચર પર ૫૦ ટકા ટેરિફ લાગુ થશે. જેમાં સ્પર્ધા ઘટશે. વધુમાં સ્થિતિસ્થાપક સેવાઓની નિકાસ અને વધતી જતી વૈશ્વિક વૈવિધ્યતા ટેરિફના નુકસાનમાં ઘટાડો કરી શકે છે. અમેરિકાના ટેરિફના કારણે નુકસાન થયુ હોવા છતાં ભારતની એકંદર નિકાસ હજુ પણ FY૨૬ માં ૨.૩% વધવાનો અંદાજ છે.

### પ્રારંભથી જ ખેલાડીએ આ ફોર્મેટનું મહત્વ સમજી લેવું જરૂરી હોય છે

# ટેસ્ટ ક્રિકેટ પડકારજનક રમત છે, સાતત્ય જરૂરી: રોહિત

**જ્યારે મેં કારકિર્દીની શરૂઆત કરી અને મુંબઈ માટે ક્લબ ક્રિકેટમાં પણ રમતો હતો ત્યારે મેચો બે દિવસની રહેતી હતી**

મુંબઈ, તા.૨૬

ટેસ્ટ ક્રિકેટનું ફોર્મેટ ''પડકારજનક અને કંટાળાજનક'' બંને છે પરંતુ તેણે તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરીને તેની માંગણીઓનો સામનો કરવાનું શીખી લીધું છે. તેમ વર્ષની શરૂઆતમાં પોતાની ટેસ્ટ કારકિર્દીના કેટલાક પાસાઓ પર વિચાર કરતા ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સુકાની રોહિત શર્માએ સોમવારે જણાવ્યું હતું. ૩૭ ટેસ્ટમાં ૪૩૦૧ રન ફટકારનારા ૩૮ વર્ષીય રોહિત શર્માએ ટી૨૦ ઈન્ટરનેશનલ્સમાંથી નિવૃત્તિ લીધા બાદ આ જ વર્ષે મે મહિનામાં ટેસ્ટમાંથી પણ નિવૃત્તિ લઈ લીધી હતી. તેની આગેવાનીમાં ભારતને ટી૨૦ ફોર્મેટમાં વર્લ્ડ કપનો ખિતાબ મળ્યો હતો.એક ઈવેન્ટ દરમિયાન રોહિતે પોતાની કારકિર્દીના કેટલાક પાસાઓને યાદ કર્યા હતા. તેણે મેગા ઈવેન્ટ માટેની તૈયારીઓ વિશે વાત કરી હતી. રોહિતે જણાવ્યું હતું કે તમારે આ માટે સજ્જ રહેવું જોઈએ કેમ કે આ રમત લાંબા સમયની તૈયારી માગી લે છે. ખાસ કરીને ટેસ્ટ ક્રિકેટમાં તમારે પાંચ દિવસ ટકી રહેવાનું હોય છે. માનસિક રીતે આ બાબત પડકારજનક છે અને તે તમને નીચોવી નાખે છે. પરંતુ તમામ ક્રિકેટર ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ માટે જ તૈયાર કરવામાં આવતો હોય છે.જ્યારે મેં કારકિર્દીની શરૂઆત કરી અને મુંબઈ માટે ક્લબ ક્રિકેટમાં પણ રમતો હતો ત્યારે મેચો બે દિવસની રહેતી હતી. આમ અમે એ ધ્યાનમાં રાખીને જ ઘડાયા છીએ આ બાબત તમને મેચની પરિસ્થિતિમાં કેવી રીતે રમત દાખવવી તે શીખવે છે તેમ રોહિતે ઉમેર્યું હતું.તેણે ઉમેર્યું હતું કે કારકિર્દીના પ્રારંભે તમામ ક્રિકેટર ફર્સ્ટ ક્લાસ ક્રિકેટના મહત્વને સમજી શકતા નથી પરંતુ તેઓ ધીમે ધીમે તે શીખી જાય છે. તમે આગળ વધો અને વયજૂથના ક્રિકેટ અને ત્યાર બાદ સિનિયર પ્લેયર અને કોચ સાથે સંકળાઓ ત્યાર બાદ તમે ધીમે ધીમે તેનું મહત્વ સમજતા થઈ જાઓ છો અને એ રીતે પરિપક્વ બનતા જાઓ છો.તમે યુવાન હોવ છો ત્યારે તૈયારીનું મહત્વ જાણતા નથી અથવા તો સમજતા હોતા નથી પરંતુ આગળ વધો, ઉંમરમાં ફરક પડે ત્યાર બાદ સમજી જાઓ છો કે તમારે શું કરવાનું છે અને કેવી રીતે તૈયારી કરવાની છે તેમ ભારતના આ સફળ સુકાનીએ ઉમેર્યુ હતું.તેણે વધુમાં જણાવ્યું હતું કે તમે ટેસ્ટ ફોર્મેટમાં રમો ત્યારે તમારી પાસેથી ઘણી અપેક્ષા રખાતી હોય ચે અને ખાસ કરીને સાતત્ય દાખવવું સૌથી મહત્વની બાબત છે. તમારે ઉંચા દરજ્જાનું પ્રદર્શન કરવાનું હોય છે અને તમારી પાસેથી એવી જ અપેક્ષા રખાતી હોય છે.

### આજે ગણેશ ચતુર્થીના પવિત્ર પર્વની ઉજવણી

# બજારમાં ગણેશ ચતુર્થીનો રંગ, વિવિધ કદની અને કિંમતની મૂર્તિઓનું ધૂમ વેચાણ

**આ મૂર્તિઓ માટી, પીઓપી (પ્લાસ્ટર ઓફ પેરિસ) અને અન્ય પર્યાવરણને અનુકૂળ સામગ્રીમાંથી બનાવવામાં આવી છે**

અમદાવાદ, તા.૨૬

આજે ગણેશ ચતુર્થીના પવિત્ર પર્વની ઉજવણી થવાની છે, ત્યારે સમગ્ર રાજ્યમાં ભક્તિમય માહોલ જામ્યો છે. આ પર્વની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે, અને ભક્તો પોતાના ઘરે શ્રીજીની સ્થાપના કરવા માટે ઉત્સાહિત છે. ખાસ કરીને અમદાવાદના બજારોમાં ગણેશની મૂર્તિઓ ખરીદવા માટે ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. વેપારીઓ પણ વિવિધ કદ અને સ્વરૂપની મૂર્તિઓ લઈને તૈયાર છે. બજારમાં નાની બાળ ગણેશથી લઈને કૃષ્ણ રૂપના ગણેશની મૂર્તિઓનું વિશેષ વેચાણ થઈ રહ્યું છે, જે ભક્તોને આકર્ષી રહી છે.

આ વર્ષે ગણેશ ચતુર્થી નિમિત્તે બજારમાં વિવિધ કિંમતની મૂર્તિઓ ઉપલબ્ધ છે. ભક્તો પોતાની શ્રદ્ધા અને બજેટ મુજબ રૂ. ૨૦૦ થી લઈ ૫૦ હજાર સુધીની મૂર્તિઓ ખરીદી રહ્યા છે. આ મૂર્તિઓ માટી, પીઓપી (પ્લાસ્ટર ઓફ પેરિસ) અને અન્ય પર્યાવરણને અનુકૂળ સામગ્રીમાંથી બનાવવામાં આવી છે. કલાકારોએ પોતાની કલાકારીથી ગણેશજીને વિવિધ રૂપોમાં સજાવ્યા છે, જેમાં તેમની વિશિષ્ટતા જોવા મળે છે. ઊંચાઈ અને ડિઝાઈન મુજબ મૂર્તિઓની કિંમતમાં તફાવત જોવા મળે છે, જેથી દરેક વર્ગના લોકો પોતાની પસંદગીની મૂર્તિ ખરીદી શકે.

સમયની સાથે પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધતા, ઘણા ભક્તો હવે માટીમાંથી બનેલી અને કુદરતી રંગોથી રંગાયેલી મૂર્તિઓને પ્રાધાન્ય આપી રહ્યા છે. પર્યાવરણ-મૈત્રી ગણેશની મૂર્તિઓનું વેચાણ પણ વધ્યું છે, જે એક સકારાત્મક સંકેત છે. ગણેશ ચતુર્થીનો આ પર્વ માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સામાજિક એકતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ આપે છે. ભક્તોનું માનવું છે કે શ્રીજીના આગમનથી તેમના જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ આવશે.

### સુપ્રીમ કોર્ટના જસ્ટિસ તરીકે કરાઈ ભલામણ

# સુપ્રીમ કોર્ટને મળશે વધુ એક ગુજરાતી ન્યાયાધીશ

**રાષ્ટ્રપતિની સત્તાવાર મહોર લાગી જશે તો, જસ્ટિસ વિપુલ પંચોલીની નિમણૂંક સાથે જ સુપ્રીમ કોર્ટમાં ગુજરાતના ત્રણ ન્યાયાધીશ થઈ જશે**

અમદાવાદ, તા.૨૬

ગુજરાતના વતની, ગુજરાત હાઈકોર્ટના તત્કાલિન ન્યાયાધીશ અને હજુ ગત મહિને જ પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે બઢતી પામેલા જસ્ટિસ વિપુલ પંચોલીની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્તિ માટે સુપ્રીમ કોર્ટની કોલેજીયમે મહત્ત્વની ભલામણ કરી છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આલોક આરાધને પણ સુપ્રીમ કોર્ટ ન્યાયાધીશ તરીકે નિયુક્તિ આપવા માટે ભલામણ કરી છે. જો આગામી દિવસોમાં કેન્દ્રમાંથી અને ભારતના રાષ્ટ્રપતિની સત્તાવાર મહોર લાગી જશે તો, જસ્ટિસ વિપુલ પંચોલીની નિમણૂંક સાથે જ સુપ્રીમ કોર્ટમાં ગુજરાતના ત્રણ ન્યાયાધીશ થઈ જશે. જેમાં જસ્ટિસ જે. બી. પારડીવાલા અને જસ્ટિસ નિલય વી. અંજારિયા હાલ સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ તરીકે સેવા આપી રહ્યા છે.

જસ્ટિસ વિપુલ એમ. પંચોલી જો સુપ્રીમ કોર્ટ જજ તરીકે સત્તાવાર ઘોષિત થશે ત્યારે તેઓ જસ્ટિસ જોયમાલ્યા બાગચીની નિવૃત્તિ પછી ઑક્ટોબર-૨૦૩૧માં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિમણૂંકની દાવેદારીની યાદીમાં પણ આવી જશે.સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બી. આર. ગવઈ, જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ જે. કે. મહેશ્વરી અને જસ્ટિસ બી. વી. નાગરથના એમ પાંચ સભ્યોની કોલેજીયમની મહત્ત્વની બેઠક મળી હતી. પટણામાં હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિપુલ પંચોલી બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આલોક આરાધેને સુપ્રીમ કોર્ટ જજ તરીકે નિમણૂંક આપવા માટેની ભલામણ કરાઈ હતી. મૂળ ગુજરાતના વતની એવા જસ્ટિસ વિપુલ પંચોલીની સુપ્રીમ કોર્ટમાં નિયુક્તિની વાતને લઈને રાજયના ન્યાયતંત્રમાં પણ ભારે ખુશી અને ગૌરવની લાગણી ફેલાઈ ગઈ હતી.

૨૮ મે, ૧૯૬૮ના દિવસે અમદાવાદમાં જન્મેલા વિપુલ પંચોલી ૧ ઑક્ટોબર, ૨૦૧૪ના દિવસે ગુજરાત હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે નિયુક્ત થયા હતા અને ૧૦ જૂન, ૨૦૧૬ના દિવસે તેઓ હાઈકોર્ટના કાયમી ન્યાયાધીશ તરીકે નિયુક્તિ પામ્યા હતા. જુલાઈ ૨૦૨૩માં તેમને પટણા હાઈકોર્ટ મોકલાયા હતા અને હજુ તે પહેલાં જ જસ્ટિસ વિપુલ એમ. પંચોલીને બઢતી આપી, પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બનાવાયા હતા અને ૨૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ જસ્ટિસ વિપુલ એમ. પંચોલીએ પટણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. વકીલાત તરીકેની કારકિર્દીના પ્રારંભે સને ૧૯૯૧માં જસ્ટિસ વિપુલ પંચોલીએ એક ઍડ્વોકેટ તરીકે તેમની પ્રેક્ટિસ ગુજરાત હાઈકોર્ટમાં શરુ કરી હતી. માર્ચ ૨૦૦૬ સુધી તેમણે મદદનીશ સરકારી વકીલ અને એડિશનલ સરકારી વકીલ તરીકે પણ સેવાઓ આપી હતી. આ સિવાય, તેમણે ઘણાં વર્ષો સુધી સર એલ. એ. શાહ લૉ કોલેજમાં વિઝિટીંગ ફેકલ્ટી તરીકે સેવાઓ આપી હતી.

### ધો.૧૨ પછી મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે પહેલા રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ

# મેડિકલમાં પહેલા રાઉન્ડ બાદ ૫૮૮ અને ડેન્ટલમાં ૫૮૧ બેઠકો ખાલી પડી

**નીટનું પરિણામ નીચું હોવાથી કટ ઓફ નીચા જતાં ઓછી ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીઓને પ્રવેશ છતાં બેઠકો ખાલી**

અમદાવાદ , તા.૨૬

ધો.૧૨ પછી મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે પહેલા રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. પહેલા રાઉન્ડ બાદ મેડિકલમા ૫૮૮ બેઠકો નોન રીપોર્ટીંગ રહી છે. આજ રીતે ડેન્ટલમાં ૫૮૧ બેઠકો નોન રીપોર્ટીંગ રહી છે. નીટનું પરિણામ નીચું આવવાના કારણે તમામ બેઠકો પહેલા રાઉન્ડમાં જ ફુલ થઈ ગઈ હોવાછતાં મોટાભાગના વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકોમાં પ્રવેશ મેળવી લેતાં સ્થાનિક કવોટાની બેઠકો ખાલી પડી છે.મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટેની નીટ નું પરિણામ આઘરુ આવતાં પ્રવેશ માટેનું કટ ઓફ નીચુ જશે તેવી શકયતાં હતી. મહત્વની વાત એ કે, મેરિટ ૧૨૧ માર્કસ કરતાં વધારે નીચું જવા છતાં પહેલા રાઉન્ડ પછી મેડિકલ અને ડેન્ટલમાં પણ બેઠકો ખાલી પડી છે. પ્રવેશ સમિતિએ જાહેર કરેલી વિગતો પ્રમાણે હાલમા મેડિકલમાં બીજે મેડિકલમાં ૬૧ બેઠકો સહિત જુદી જુદી મેડિકલ કોલેજોમાં ૫૮૮ બેઠકો ખાલી પડી છે. જેમાં જનરલ કવોટાની ૪૩૭ અને મેનેજમેન્ટ કવોટી ૧૨૦ ઉપરાંત એનઆરઆઈ કવોટાની ૩૧ બેઠકોનો પણ સમાવેશ થાય છે. આજ રીતે ડેન્ટલમાં કુલ ૫૮૧ બેઠકો ખાલી પડી છે. જેમા જનરલ કવોટાની ૫૨૯ અને મેનેજમેન્ટ કવોટાની ૫૧ ઉપરાંત એનઆરઆઈ કવોટાની ૧ બેઠકનો સમાવેશ થાય છે. પ્રવેશના નિયમ પ્રમાણે પહેલા રાઉન્ડમાં ખાલી પડનારી એનઆરઆઈ, પીડબલ્યુડીની બેઠકો બીજા રાઉન્ડમાં અન્ય કેટેગરીમાં કન્વર્ટ કરવામાં આવશે.આમ હાલની સ્થિતિમાં મેડિકલ અને ડેન્ટલની મળી કુલ ૧૧૬૯ બેઠકો ખાલી પડી છે. પહેલા રાઉન્ડમા મેડિકલમા કુલ ૫૬૫૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે જેમાં મેડિકલમાં ૫૧૩૭ અને ડેન્ટલમાં ૪૮૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આમ, પહેલા રાઉન્ડમાં મેડિકલ-ડેન્ટલમાં મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડતાં હવે નીચી ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીઓ માટે પ્રવેશની તકો ઉભી થઈ છે. અગાઉથી જ મેડિકલમાં પ્રવેશ માટે કટ ઓફ નીચુ ગયુ હતુ ત્યારે હવે પહેલા રાઉન્ડમા બેઠકો ખાલી પડવાના કારણે કટ ઓફ વધારે નીચુ જાય તેવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે.

### વ્યસનોના કારણે દર વર્ષે આશરે ૫,૦૦૦ નવા કેન્સરના કેસ નોંધાય છે

# રાજકોટમાં બનશે સૌરાષ્ટ્રનું પ્રથમ પેલેટીવ કેર સેન્ટર

**આ સેન્ટર કાલાવડ રોડ પર એક એકર જમીન પર બનશે, જેમાં ૭ કરોડ રૂપિયાના ફંડ સાથે ૨૫ બેડથી શરૂઆત થશે**

રાજકોટ, તા.૨૬

સૌરાષ્ટ્રમાં તમાકુ, પાન, માવા અને સિગારેટ જેવા વ્યસનોને કારણે દર વર્ષે આશરે ૫,૦૦૦ નવા કેન્સરના કેસ નોંધાય છે, જેમાં ચોથા તબક્કાના દર્દીઓને સૌથી વધુ મુશ્કેલી પડે છે. રાજકોટમાં સૌરાષ્ટ્રનું પ્રથમ પેલેટીવ કેર સેન્ટર કેન્સર કેર ફાઉન્ડેશન દ્વારા શરૂ થવા જઈ રહ્યું છે, જે દર્દીઓને શારીરિક, માનસિક અને ભાવનાત્મક સમર્થન આપશે. આ સેન્ટર કાલાવડ રોડ પર એક એકર જમીન પર બનશે, જેમાં ૭ કરોડ રૂપિયાના ફંડ સાથે ૨૫ બેડથી શરૂઆત થશે અને ભવિષ્યમાં ૫૦ બેડ સુધી વિસ્તારવામાં આવશે.

સૌરાષ્ટ્રમાં વર્ષે વર્ષે કેન્સરના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને પાન, માવા, તમાકુ અને સિગારેટ જેવા વ્યસનોના કારણે દર વર્ષે આશરે ૫,૦૦૦ નવા કેન્સરના કેસ નોંધાય છે. આમાંથી મોટાભાગના દર્દીઓ ચોથા તબક્કાના કેન્સરથી પીડાતા હોય છે, જેમાં સારવારની શક્યતાઓ ઘણી ઓછી રહે છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ, ૯૦% કેન્સરના કેસ તમાકુના સેવન સાથે સંકળાયેલા છે. ખાસ કરીને જૂનાગઢ, પોરબંદર, અમરેલી અને રાજકોટ જિલ્લામાં કેન્સરના કેસ સૌથી વધુ જોવા મળે છે. ૧૪થી ૪૦ વર્ષની ઉંમરની મહિલાઓમાં ગર્ભાશયનું કેન્સર, બાળકોમાં લ્યુકેમિયા અને બ્લડ કેન્સર, તેમજ ૬૦ વર્ષથી વધુ ઉંમરના પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સર અને મહિલાઓમાં સ્તન કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે.

ચોથા તબક્કાના કેન્સરના દર્દીઓ માટે સંપૂર્ણ સારવાર શક્ય નથી હોતી. આવા દર્દીઓ શારીરિક, માનસિક અને આર્થિક રીતે અત્યંત પીડા અનુભવે છે. આ સમયે માત્ર દવાઓ જ નહીં, પરંતુ લાગણીસભર સંભાળ, સહાનુભૂતિ અને મનોબળની પણ જરૂર હોય છે. પેલેટીવ કેરનો મુખ્ય હેતુ દર્દીઓને તેમની અંતિમ સફરમાં સન્માનજનક અને આનંદપૂર્ણ જીવન જીવવામાં મદદ કરવાનો છે.

આ સેવા દર્દીની શારીરિક પીડા ઘટાડવા ઉપરાંત તેમની ભાવનાત્મક અને માનસિક જરૂરિયાતોને પણ પૂરી કરે છે, જેથી તેઓ અને તેમના પરિવારને માનસિક શાંતિ મળે.સૌરાષ્ટ્રનું પ્રથમ પેલેટીવ કેર સેન્ટર રાજકોટમાં કેન્સર કેર ફાઉન્ડેશન દ્વારા શરૂ કરવામાં આવશે, જે કેન્સરના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ સેન્ટર કાલાવડ રોડ પર એક દાતાએ ફાળવેલી એક એકર જમીન પર બનશે. હાલમાં ૭ કરોડ રૂપિયાનું ફંડ એકત્ર થયું છે, અને પ્રાથમિક તબક્કામાં ૨૫ બેડ સાથે સેન્ટર શરૂ થશે.ખાસ વાત એ છે કે, અહીં તમામ સારવાર અને સુવિધાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે. જો પૂરતું ફંડ મળે, તો સેન્ટરની ક્ષમતા વધારીને ૫૦ બેડ કરવામાં આવશે, જે દેશનું સૌથી મોટું પેલેટીવ કેર સેન્ટર બની શકે છે. ફાઉન્ડેશનનો ધ્યેય આ સેન્ટરને ફાઈવ-સ્ટાર હોસ્પિટલ જેવું અદ્યતન બનાવવાનો છે, જેમાં આધુનિક સાધનો અને સુવિધાઓ ઉપલબ્ધ હશે.કેન્સર કેર ફાઉન્ડેશનના સ્થાપક અશ્વિનભાઈ સોલંકી પોતે કેન્સર સર્વાઈવર છે. ૨૦૧૯માં તેમને કેન્સર ડિટેક્ટ થયું હતું, જે બાદ તેમણે કેન્સર ક્લબની શરૂઆત કરી. આજે આ ક્લબ ૬૦૦ સભ્યોની મોટી સંસ્થા બની ગઈ છે, જે દરરોજ ૫૦થી ૧૦૦ દર્દીઓને સીધી કે આડકતરી રીતે મદદ કરે છે. ફાઉન્ડેશન દ્વારા કેન્સર જાગૃતિ કાર્યક્રમો, મફત વેક્સિનેશન, અને વ્યસનમુક્તિ સેમિનારો જેવા પ્રયાસો દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવવામાં આવે છે. આ સંસ્થા દર્દીઓને માત્ર આરોગ્ય સેવા જ નહીં, પરંતુ માનસિક અને ભાવનાત્મક સમર્થન પણ પૂરું પાડે છે.

આ પેલેટીવ કેર સેન્ટર માત્ર સારવાર જ નહીં, પરંતુ દર્દીઓની ઈચ્છાઓ પૂરી કરવા, તેમનું મનોબળ વધારવા અને તેમને પ્રેમ તથા સહાનુભૂતિ આપવાનું કામ પણ કરશે. ઘણા પરિવારો માટે આવી સંભાળ પૂરી પાડવી શક્ય નથી હોતું, અને આવા સમયે આ સેન્ટર દર્દીઓ અને તેમના પરિવાર માટે આશાનું કિરણ બનશે. ૨૫૦ દાતાઓના સહયોગથી બાંધકામ અને આધુનિક સાધનોની વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે, અને ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં સેન્ટર શરૂ થવાની યોજના છે.

### દિલ્હી-NCRમાં ભારે વરસાદનું રેડ એલર્ટ

# ઉત્તરાખંડ અને હિમાચલમાં ઓરેન્જ એલર્ટ અપાયું

**દિલ્હીમાં ઘણા દિવસો સુધી વરસાદ ચાલુ રહેશે, ઉત્તર દિલ્હી સિવાય અન્ય વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે**

નવીદિલ્હી, તા.૨૬

આજે દિલ્હીમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ રહેશે. રાજધાની નજીકના નોઈડામાં પણ વરસાદની શક્યતા છે. છેલ્લા ઘણા દિવસોથી દિલ્હી-એનસીઆરમાં ચોમાસાના વાદળો સતત વરસાદ પાડી રહ્યા છે, જેના કારણે દિલ્હીમાં ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા. પાણી ભરાઈ જવાને કારણે લોકોને ટ્રાફિક જામનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, દિલ્હીમાં ઘણા દિવસો સુધી વરસાદ ચાલુ રહેશે. આજે, ૨૬ ઓગસ્ટે, ઉત્તર દિલ્હી સિવાય અન્ય વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે.

IMD અનુસાર, દિલ્હી ઉપરાંત, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ રહેશે. હવામાન વિભાગની ચેતવણીને કારણે, આજે ઉત્તરાખંડના ૯ જિલ્લાઓમાં શાળાઓ બંધ રહેશે. ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને, આજે, ૨૬ ઓગસ્ટ, મંગળવાર, હિમાચલ પ્રદેશના ઉના, ચંબા, કુલ્લુ, મંડી, કાંગડા, બિલાસપુર, સોલન, હમીરપુરમાં શાળાઓ બંધ રાખવાના આદેશો જારી કરવામાં આવ્યા છે. હિમાચલ અને ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક દિવસોમાં પડેલા વરસાદને કારણે નદીઓ અને નાળા છલકાઈ રહ્યા છે.

IMD અનુસાર, આગામી ૫ દિવસ સુધી દિલ્હીમાં ચોમાસું સક્રિય રહેશે. આકાશ વાદળછાયું રહેશે.ગઈકાલે, દિલ્હીમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા 1-3°C ઓછું હતું અને મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૪-૭□C ઓછું હતું. છેલ્લા ૨૪ કલાકમાં, દિલ્હીમાં પૂર્વીય પવનો ફૂંકાયા, જેની ગતિ ૧૯ થી ૩૩ કિમી પ્રતિ કલાકની હતી. IMD મુજબ, આગામી ૭ દિવસ સુધી પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં અને આગામી ૩ દિવસ સુધી આસપાસના મેદાનોમાં વાવાઝોડાની સંભાવના છે. ત્યારબાદ આગામી ૪ દિવસ સુધી હળવો વરસાદ થવાની સંભાવના છે. ભારે વરસાદની શક્યતાને કારણે, આજે પંજાબના પઠાણકોટ, ફાઝિલકા, ભટિંડા અને હોશિયારપુરમાં શાળાઓ બંધ રહેશે. કારણ કે આજે અને કાલે પંજાબમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. ૨૬ ઓગસ્ટે જમ્મુ અને કાશ્મીરમાં, ૨૬-૨૭ ઓગસ્ટે હરિયાણામાં, ૨૯-૩૧ ઓગસ્ટે ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પશ્ચિમ રાજસ્થાનમાં, ૨૬-૨૭ ઓગસ્ટે પૂર્વ રાજસ્થાનમાં અને ૨૯-૩૦ ઓગસ્ટે ઉત્તરાખંડમાં અલગ અલગ સ્થળોએ ખૂબ ભારે વરસાદ પડી શકે છે.

### બેટરી પ્લાન્ટનું પણ લોકાર્પણ

# PM મોદીએ બહુચરાજીમાં લોન્ચ કરી મારુતિ સુઝુકીની પ્રથમ ઈલેક્ટ્રિક કાર E Vitara

**આ પ્રસંગે તેમણે હાંસલપુર સ્થિત મારુતિ સુઝુકીના નવા બેટરી પ્લાન્ટનું પણ ઉદ્ઘાટન કર્યું હતું**

બહુચરાજી, તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના પોતાના પ્રવાસના બીજા દિવસે બહુચરાજીમાં મારુતિ સુઝુકીની પ્રથમ ઈલેક્ટ્રિક કાર 'Ma®ui e Vitara'નું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે હાંસલપુર સ્થિત મારુતિ સુઝુકીના નવા બેટરી પ્લાન્ટનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. આ કાર અને બેટરી પ્લાન્ટ ભારતના ઈલેક્ટ્રિક વાહન ક્ષેત્રે એક નવી દિશા આપશે.

ભારતમાં સંપૂર્ણપણે નિર્મિત પ્રથમ ઈલેક્ટ્રિક કાર છે. આ કાર જાપાન સહિત ૧૦૦ થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવશે. જે 'મેક ઈન ઈન્ડિયા' પહેલની વૈશ્વિક સફળતા દર્શાવે છે. આ પ્રોજેક્ટ ભવિષ્યમાં ગુજરાતને ઈલેક્ટ્રિક વાહન ક્ષેત્રનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવશે, જેનાથી રોજગારીની નવી તકો ઊભી થશે અને આર્થિક વિકાસને વેગ મળશે.

નવા બેટરી પ્લાન્ટના ઉદ્ઘાટનથી ભારતમાં લિથિયમ-આયન બેટરીના હાઈબ્રિડ ઈલેક્ટ્રોડનું સ્થાનિક ઉત્પાદન શરૂ થશે. આ પગલું ભારતના બેટરી ઈકોસિસ્ટમને નવો તબક્કો આપશે અને વિદેશી નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે.

આ પ્લાન્ટ ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે, જે સ્વચ્છ ઉર્જા અને પર્યાવરણ સંરક્ષણ માટે મહત્વપૂર્ણ છે. ગુજરાતમાં ઈ-મોબિલિટી ક્ષેત્રે આ પગલું ઔદ્યોગિક વિકાસનો નવો દોર ખોલશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

બપોરે ૧:૦૦ વાગ્યાની આસપાસ વડાપ્રધાન મોદી અમદાવાદથી દિલ્હી જવા રવાના થશે. તેમનો આ ગુજરાત પ્રવાસ રાજ્યના ઔદ્યોગિક અને આર્થિક વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થયો છે.

આ પગલું વડાપ્રધાનના 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ' વિઝનને વધુ મજબૂત બનાવે છે.

### અંબાજીના ભાદરવી પૂનમ મહામેળા માટેની તૈયારી

# એસ.ટી. નિગમની મેગા તૈયારી, ૫૫૦૦ વધારાની બસો દોડાવાશે

**ગત વર્ષે ભાદરવી પૂનમના મેળામાં એસ.ટી. નિગમે ૫૧૦૦ વધારાની બસો દ્વારા ૧૦.૯૨ લાખ યાત્રાળુઓને સેવા પૂરી પાડી હતી**

અમદાવાદ, તા.૨૬

અંબાજીમાં યોજાનાર ભાદરવી પૂનમના મહામેળામાં લાખોની સંખ્યામાં ઉમટી પડતા હોય છે. ત્યારે શ્રદ્ધાળુઓ માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. યાત્રાળુઓને સલામત અને સુવિધાજનક પ્રવાસનો અનુભવ મળે તે માટે આ વર્ષે કુલ ૫૫૦૦ વધારાની બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગત વર્ષે ભાદરવી પૂનમના મેળામાં એસ.ટી. નિગમે ૫૧૦૦ વધારાની બસો દ્વારા ૧૦.૯૨ લાખ યાત્રાળુઓને સેવા પૂરી પાડી હતી. આ વર્ષે યાત્રાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને બસોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. ૧ સપ્ટેમ્બર ૨૦૨૫થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી આ વિશેષ બસોનું સંચાલન થશે.

આ બસો મુખ્યત્વે અંબાજીથી ગબ્બર, દાંતા, પાલનપુર, અમદાવાદ, વડોદરા અને સુરત જેવા રૂટ્સ પર દોડશે, જેથી રાજ્યભરમાંથી આવતા યાત્રાળુઓ સરળતાથી અંબાજી પહોંચી શકે. આ ઉપરાંત નજીકના મુખ્ય સ્થળોથી અંબાજી આવવા સ્પેશિયલ મીની બસોની વ્યવસ્થા પણ કરાઈ છે. ગબ્બરથી અંબાજી RTO માટે ૨૦ બસો, અંબાજીથી દાંતા માટે ૧૫ બસો, દાંતાથી પાલનપુર માટે ૨૦ બસો દોડાવવામાં આવશે.

એસ.ટી. નિગમ દ્વારા યાત્રાળુઓની સુરક્ષા અને સગવડ માટે ૨૪★૭ GPS મોનિટરિંગ, પેસેન્જર શેડ, લાઈન/ક્યુ, જાહેર શૌચાલય અને પીવાના પાણીની સુવિધા જેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમગ્ર વ્યવસ્થાનું સુચારુ સંચાલન કરવા માટે ૪૦૦૦ કર્મચારીઓની ટીમ ખડેપગે રહેશે. ગુજરાતના સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સલામતી માટે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્ષે ટ્રસ્ટે યાત્રાળુઓ માટે રૂપિયા ૧૦ કરોડનો વીમો લીધો છે. જે ગત વર્ષના વીમા કવરેજ કરતાં ત્રણ ગણો વધુ છે. આ વીમા અંતર્ગત કોઈ પણ શ્રદ્ધાળુનો માર્ગ અકસ્માત થાય અથવા દુર્ઘટનામાં મૃત્યુ થાય તો તેમને આર્થિક સહાય મળી રહેશે. આ વીમાની સૌથી મોટી વિશેષતા એ છે કે શક્તિપીઠ અંબાજીના ૫૦ કિલોમીટરના વિસ્તારમાં થતા અકસ્માતોને આવરી લેવામાં આવ્યા છે. આ કવરેજમાં ગુજરાત અને રાજસ્થાનની સરહદ નજીકના ૭ જિલ્લાઓનો સમાવેશ થાય છે. જેથી દૂર-દૂરથી આવતા ભક્તોને પણ સુરક્ષા પૂરી પાડી શકાય.

### ચીફ ઓફિસર અને ટાઉન ચેરમેનની ઉપસ્થિતિમાં

# અમરેલી પાલિકામાં બાંધકામ ઈજનેર સાથે બિલ્ડર એસોસીએશનની બેઠક યોજાઈ

### શહેરનો વિકાસ કરવા માટેની રૂપરેખા બનાવાઈ



અમરેલી, તા. ૨૬

સૌપ્રથમવાર અમરેલી નગરપાલિકા અમરેલી ખાતે ટાઉન પ્લાનિંગ ચેરમેન ચિરાગ ચાવડા દ્વારા બિલ્ડર એસોસીએશનના પ્રમુખ હિંમતભાઈ સોંળિયા તથા બિલ્ડર એસોસીએશનના સભ્ય અને એન્જિનિયર પ્રમુખ કિશોરભાઈ જાની તથા તમામ એન્જિનીયર સાથે અમરેલી વિસ્તાર વિકાસ મંડળની પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કરવા માટે તથા બિલ્ડરો અને એન્જિનીયરના પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અમરેલી શહેરના સર્વાંગી વિકાસ માટે નગર રચના આયોજન બનાવવા, તમામ પ્રકારની વિકાસ પરવાનગીઓ આપવી અને ગૃડા-૨૦૨૩ની જોગવાઈઓ હેઠળ અનાધિકૃત બાંધકામના નિયમબધ્ધ કરવા અંગેના તમામ પડતર પ્રશ્નોનો ઝડપથી નિકાલ થાય તે માટે જરૂરી સૂચનો અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર વિનોદભાઈ રાઠોડ દ્વારા તમામને આપવામાં આવી, તેમજ અમરેલી શહેરો સુવ્યવસ્થિત અને નિયંત્રિત વિકાસ થાય અને શહેરીજનોને વધુમાં વધુ સારી સુવિધાઓ મળે તે માટે નગરપાલિકા અને બિલ્ડરો તથા એન્જિનિયરએ એકબીજા સાથે સંકલનમાં કરીને સહકારથી કામગીરી કરવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

### એસ.ટી.નિગમના કર્મચારીઓ માટે આનંદના સમાચાર

# એસ.ટી. નિગમના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં ૨% નો વધારો કરાયો

### આ વધારા બાદ હવે કર્મચારીઓને ૫૩% ના બદલે ૫૫% મુજબ મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર: રાજ્ય સરકાર તરફથી કર્મચારીઓને લગતો એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સાથે જ એસ.ટી.નિગમના કર્મચારીઓ માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. એસ.ટી.નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે જ ભથ્થાના એરિયર્સની ચૂકવણી કરવાનો પણ નિર્ણય લેવાયો છે. આ અંગેની જાહેરાત રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવી છે. તેમણે સોશિયલ મીડિયા ઠ પર પોસ્ટ કરી આ અંગે માહિતી આપી છે.

તેમણે પોસ્ટ કરી એસ.ટી.નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત કરી છે. એસ.ટી.નિગમના કર્મચારીઓને હાલ ચૂકવતા મોંઘવારી ભથ્થામાં ૨%ના વધારા સાથે હવેથી ૫૫% મુજબ ભથ્થું ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી @Bhupendrapbjp S દ્વારા એસ.ટી.નિગમના કર્મચારીઓને હાલ ચૂકવતા મોંઘવારી ભથ્થામાં ૨% ના વધારા સાથે હવેથી ૫૫% મુજબ ભથ્થું ચૂકવવાનો સંવેદનશીલ નિર્ણય લેવામાં આવેલ છે.

સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય થકી કુલ રૂ.૩૦ કરોડથી વધુનો લાભ એસ.ટી. નિગમના કર્મચારીઓને મળશે. આ સાથે જ તેમણે જણાવ્યું કે, ટૂંક સમયમાં આ માટેની વિગતવાર માહિતી જાહેર કરવામાં આવશે.

### યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

# અમરેલી ખાતે આત્મનિર્ભર મહિલા સહકારી સેમિનાર યોજાયો

### મહિલાઓને આત્મનિર્ભર બનવા હાંકલ કરાઈ



અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા આત્મનિર્ભ મહિલા સહકારી સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાત મહિલા ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડના અધ્યક્ષ ગીતાબેન સંઘાણી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જયારે પૂનમબેન સંઘાણી દ્વારા મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવતી વસ્તુઓને પુરા ભારતમાં જેમનું માર્કેટ મળે અને ઘર બેઠા જ જેનો વેપાર કરી શકાય જેના માટેની એપ વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત મનીષ સંઘાણી દ્વારા બહેનોને જરૂર પડે તે તમામ પ્રકારની મદદ કરવા માટેની તૈયારી બતાવી હતી અને બહેનો આ કાર્યમાં જોડાય અને આત્મનિર્ભર બને જેના માટે હાકલ કરી હતી.

# "સૌરાષ્ટ્રમાં ગણેશ મહોત્સવ, નવરાત્રિમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે"

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ : આગામી દેશભરમાં ગણપતિ અને નવરાત્રિ મહોત્સવમાં લોકોમાં અંધશ્રધ્ધા દૂર કરવાનો લોકજાગૃતિ કાર્યક્રમ ભારત જન વિજ્ઞાન જાથા પ્રતિવર્ષની જેમ આ વર્ષે અમલમાં મુકેલ છે. દેશભરમાં એકમાત્ર જાથા દસ હજારથી વધુ સ્ટેજ કાર્યક્રમો આપી અગ્રેસર છે. ભારત જનવિજ્ઞાન જાથાનો અંધશ્રધ્ધા નિવારણાર્થે ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ દેશ-વિદેશમાં અતિ લોકપ્રિય બન્યો છે. જાથાએ ૧૯૯૨થી સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં ૧૦૦૬૩ થી વધુ જનજાગૃતિના સ્ટેજ કાર્યક્રમો આપ્યા છે. દેશમાં દોરા-ધાગા, ચમત્કારના નામે છેતરપિંડી કરનાર ૧૨૭૪ ધતિંગબાજોનો જનહિતાયે પર્દાફાશ કર્યો છે. ૩૫૦૦ ધૂણતા અને સવારી આવતા ભુવા, ફકીરો, મુંજાવરો, લેભાગુઓને બંધ કરાવ્યા છે.

જાથાનો જનજાગૃતિ કાર્યક્રમની શરૂઆતમાં શાળા, કોલેજો, છાત્રાલયો, સામાજિક સંસ્થાઓ, યુવક મંડળો, સામાજિક – રાષ્ટ્રીય પ્રસંગો, સરકારના ગ્રામસભામાં આયોજન કરવામાં આવતું હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતના ત્યૌહાર, ઉત્સવો, ધાર્મિક પ્રસંગો, સપ્તાહ, પારાયણ, પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, નવરાત્રિ મહોત્સવ વિગેરેમાં મહત્તમ આયોજન થાય છે. રાજયમાં જાથાના કાર્યક્રમની જબરી માંગના કારણે સૌરાષ્ટ્રના જિલ્લા જેવા કે, રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, પોરબંદર, સુરેન્દ્રનગર, બોટાદ, પોરબંદર, મોરબી વિગેરે તથા તેના તાલુકા તથા ગ્રામ્ય મથકોમાં ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ વહેલા તે પહેલા ધોરણે નોંધણી, વિગત, નિયમોની જાણકારી મેળવી, સંમતિપત્રક મેળવી લેવાનું રહેશે. ત્રણ કલાકનો સ્ટેજ કાર્યક્રમ જ્ઞાન-વિજ્ઞાન સાથે અંધશ્રધ્ધા નિવારણ કેન્દ્રમાં રાખીને જ આયોજન પ્રચાર-પ્રસાર થાય છે. લોકોની ધાર્મિક લાગણી ધ્યાનમાં રાખી આયોજન હોય છે. જાથાએ ભગવાન, ઈશ્વર, અલ્લાહ કે ધાર્મિક શાસ્ત્રોનો કદી વિરોધ કર્યો નથી.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાનું વૈજ્ઞાનિક જ્ઞાનલક્ષી તેજાબી વકતવ્ય દેશભરમાં અતિ લોકપ્રિય છે. તેમને સાંભળવા સ્વયંભુ લોકો ઉમટી પડે છે. તેઓ ભૂત, પ્રેત, છાયો, મામો, જીન્નાત, ડાકણ, આસુરી-મેલીવિદ્યાનો ભાંડાફોડ કરી વ્હેમ, અંધશ્રધ્ધા, ચમત્કારો ઉપર દાખલા-દલીલ સાથે સમજ આપવામાં આવે છે. માનવીને તેના અહંમ, પૂર્વગ્રહો નડે છે. જીવતા માણસો જ નડે છે. તેની માહિતી આપે છે. વાસ્તુશાસ્ત્ર, ફેંગસૂઈ, ફળકથનો, નિવારણ વિધિઓ કેટલી નિરાધાર, બોગસ, અવૈજ્ઞાનિક છે. તેની વિજ્ઞાન આધારપુરાવા સાથે રજૂ કરવામાં આવે છે.

જાથાની ટીમના સદસ્યો એકના ડબલ, હાથમાંથી કંકુ-ભસ્મ, લોહી નીકળવું, બેડી તૂટવી, નજરબંધી, રૂપિયાનો વરસાદ, ઉકળતા તેલમાંથી હાથેથી પૂરી તળવી, કર્ણપિશાચ વિદ્યાથી કાનેથી ચિટ્ટી વાંચવી, હઝરતના ગોળામાં જોવું, બોલતું તાવીજ, ઈલમનું ડિંડક, હવામાં શરીરનું સ્થિર રહેવું જેવા નિદર્શન કરી સ્થળ ઉપર જ શીખડાવી દેવામાં આવે છે.

કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ રાજકોટથી સ્પેશ્યલ વાહનનું આવવા-જવાનું ભાડું, રહેવા, ભોજન તથા કેમીકલનો ખર્ચ ભોગવવાનો રહેશે. ગણેશ મહોત્સવ બાદ નવરાત્રીના કાર્યક્રમની નોંધણી કરવામાં આવશે.

સૌરાષ્ટ્રમાં જાગૃતો, ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ તથા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. ઈ-મેઈલ: bjvioffice@gmail.com.

### હોસ્પિટલ કૌભાંડમાં કાર્યવાહી

# AAP નેતા સૌરભ ભારદ્વાજના ઘર સહિત ૧૩ ઠેકાણા પર EDના દરોડા

### દિલ્હી સરકારની લોકનાયક હોસ્પિટલનો બાંધકામ ખર્ચ ૪૮૮ કરોડ રૂપિયાથી વધીને ૧,૧૩૫ કરોડ રૂપિયા થઈ ગયો

નવી દિલ્હી, તા.૨૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ **(ED)**એ આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ મંત્રી સૌરભ ભારદ્વાજના ઘર સહીત **13** સ્થળોએ દરોડા પાડ્યા છે. દિલ્હીની ભ્રષ્ટાચાર વિરોધી શાખા **(ACB)**એ જૂનમાં પૂર્વ આરોગ્ય મંત્રી સૌરભ ભારદ્વાજ અને સત્યેન્દ્ર જૈન સામે કેસ નોંધ્યો હતો, જેમાં **AAP** સરકાર દરમિયાન આરોગ્ય માળખાગત સુવિધાઓ સંબંધિત પ્રોજેક્ટ્સમાં મોટા પાયે ભ્રષ્ટાચારનો આરોપ મૂકવામાં આવ્યો હતો. બાદમાં આ કેસ ઈડીને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો, અને કેન્દ્રીય એજન્સીએ જુલાઈમાં કેસ નોંધ્યો હતો.અહેવાલો અનુસાર, **5,590** કરોડ રૂપિયાના કથિત કૌભાંડમાં **AAP**ના કાર્યકાળના બે આરોગ્ય મંત્રીઓ, સૌરભ ભારદ્વાજ અને સત્યેન્દ્ર જૈનની ભૂમિકા તપાસ હેઠળ છે. ઈડી અનુસાર, આમ આદમી પાર્ટી સરકારે **2018-19**માં **24** હોસ્પિટલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી હતી. યોજના છ મહિનામાં **ICU** હોસ્પિટલો તૈયાર કરવાની હતી, પરંતુ એવો દાવો કરવામાં આવે છે કે કામ હજુ પૂર્ણ થયું નથી, જ્યારે **800** કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં માત્ર **50%** કામ પૂર્ણ થયું છે.ઈડી તપાસમાં સામે આવ્યું કે,દિલ્હી સરકારની લોકનાયક હોસ્પિટલનો બાંધકામ ખર્ચ **488** કરોડ રૂપિયાથી વધીને **1,135** કરોડ રૂપિયા થઈ ગયો. ઘણી હોસ્પિટલોમાં યોગ્ય મંજૂરી વિના બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. **ACB** દ્વારા નોંધાયેલી ફરિયાદ અનુસાર,શહેરભરમાં હોસ્પિટલો, પોલીક્લીનિક અને **ICU** ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણમાં મોટી અનિયમિતતાઓ, બિનજરૂરી વિલંબ અને ભંડોળનો મોટા પાયે દુરુપયોગ જોવા મળ્યો છે. ખર્ચમાં કરોડો રૂપિયાનો વધારો નોંધવામાં આવ્યો હતો અને એક પણ પ્રોજેક્ટ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થયો ન હતો.

### ખારા પાણીને ખમ્મા કે જે દરિયાનો ખોળો ખુંદતા સાગર ખેડુ

# જાફરાબાદનાં યુવા વાર્તાકાર વિષ્ણુ ભાલીયાને વાર્તા સ્પર્ધામાં દ્વિતિય સ્થાન

### સાગરખેડુ વિશે વિસ્તૃત વર્ણન પુસ્તકમાં



જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદ ખારવા સમાજનું ઘરેલુ અને ખારવા સમાજની જીવનશૈલી વિશે વિસ્તૃત વર્ણન પોતાની કલમ થી દરિયો ખેડવા જતા સાગર ખેડૂઓનું જીવનચરિત્ર વિશે વિસ્તૃત વાર્તાઓ પુસ્તકના પાના ઉપર શબ્દો થકી સાગરખેડૂની જીવનશૈલીને ઉજાગર કરતા લેખક વિષ્ણુભાઈ ભાલિયાનું સુરત ખાતે રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા સુરત તા-૨૪ નર્મદ સાહિત્ય સભા અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વાર વીર નર્મદની ૧૯૨મી જયંતીની ઉજવણી થઈ હતી. જેમાં સાહિત્ય જગતના મહાનુભાવો ખાસ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં કેતન મુનશી વાર્તાસ્પર્ધા-૧૭ના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા. કેતન મુનશી વાર્તાસ્પર્ધા એ ગુજરાતી ભાષાની એક પ્રતિષ્ઠિત વાર્તા સ્પર્ધા છે. જેમાં પ્રથમ ક્રમે આવનારને ૨૫,૦૦૦, દ્વિતીય ક્રમે આવનારને ૧૦,૦૦૦ અને ત્રીજા ક્રમે આવનારને ૫૦૦૦નો રોકડ પુરસ્કાર અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪/૨૫માં ગાંધીનગરના મોના જોશીની 'કૂખ' વાર્તા પ્રથમ સ્થાને, જાફરાબાદના વિષ્ણુ ભાલિયાની 'તોફાન' વાર્તા દ્વિતીય સ્થાને અને ગાંધીધામના પલ્લવી કોટકની 'નપાણિયો' વાર્તાત્રીજા સ્થાને વિજેતા રહી હતી. જાફરાબાદના અને ખારવા સમાજનું ગૌરવ એવા વિષ્ણુભાઈ ભાલિયા કે જે ઓ સાગરખેડૂઓની દરિયાઇ જીવનશૈલી વિશેની વાર્તા ખારા પાણીને ખમ્મા કે જે સાચી ઘટનાની સાગરખેડૂની આપત્તિ દર્શાવતું પુસ્તક ખારા પાણીને ખમ્મા કે જે કુદરતી હોનારતની અને દરિયો ખેડતા સાગરખેડૂ પારિવારિક જીવનશૈલી દરિયાઈ વેદના દર્શાવતી વાર્તા છે.

એવુંજ પુસ્તક પ્રસારિત તુફાન વિશે વિષ્ણુભાઈ ભાલિયા દ્વારા લખવામાં આવ્યું છે. જે કુદરતી આફત વિશે અને સમુદ્રના ઘુઘવતા મોજા અને કાળાડિબાંગ વાદળો અને ચારે બાજુ ઘેરાયેલો સમુદ્ર અને તેનું રૂદ્ર સ્વરૂપ કડાકાભડાકા સાથે વિજળી કે જે દરિયામાં ચમકારા કરતી આફત તેનું ડરામણું સ્વરૂપ એ તોફાન ની વાર્તા દ્વિતીય સ્થાન આવતા વિષ્ણુભાઈ ભાલિયાનું પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા આ બન્ને વાર્તા ઓ અને ખરેખર દરિયાઈ જીવન ચરિત્ર વિશે આધારિત વાર્તા ખારા પાણીને ખમ્મા અને તોફાન કે જે ઘણું બધું કહી જાય છે.

### RSSની પ્રાર્થના મુદ્દે ડી. કે. શિવકુમારનું નિવેદન

# I.N.D.I.A. ગઠબંધનના નેતાઓને દુઃખ પહોંચ્યું હોય તો હું માફી માગવા તૈયાર છે

### શિવકુમાર ભાજપ પર કટાક્ષ કરવા ગયા ને પોતે ફસાયા

કર્ણાટક, તા.૨૬

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમારે વિધાનસભામાં આરએસએસની શાખામાં ગવાતી પ્રાર્થના ગાતા કોંગ્રેસમાં જ આંતરિક વિવાદ ઉભો થયો છે. કોંગ્રેસના નેતાઓએ આ મામલે વાંધો ઉઠાવ્યા બાદ શિવકુમારે સ્પષ્ટતા કરવી પડી છે. તેમનું કહેવું છે કે, મેં વિધાનસભામાં ભાજપ પર કટાક્ષ કરવાનો પ્રયાસ કર્યો હતો, જોકે આ મામલે ઈન્ડિયા ગઠબંધનના સાથી પક્ષોને દુઃખ પહોંચ્યું હોય તો હું માફી માંગવા તૈયાર છું.શિવકુમારે આજે (૨૬ ઓગસ્ટ) કહ્યું છે કે, 'મેં આરએસએસની શાખામાં ગવાતી પ્રાર્થના વિધાનસભામાં સંભાળવવા મામલે ટિપ્પણી કરી હતી, જો આ ટિપ્પણીથી કોંગ્રેસ નેતાઓ અથવા વિપક્ષના ઈન્ડિયા ગઠબંધનના સાથી પક્ષોને દુઃખ થયું પહોંચ્યું હોય તો હું માફી માંગવા તૈયાર છું. મેં ભાજપ પર નિશાન સાધવા માટે મજાકમાં ટિપ્પણી કરી હતી, પરંતુ કેટલાક લોકો મારા નિવેદનનો રાજકીય લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યા છે.'નાયબ મુખ્યમંત્રીએ કહ્યું છે કે, કોઈની પણ ભાવનાને ઠેસ પહોંચાડવાનો તેમનો કોઈ ઈરાદો નહતો અને જો તેમની ટિપ્પણીથી તેમના સાથી પક્ષોને દુઃખ પહોંચ્યું હોય તો તેમણે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે, 'મેં માત્ર ટિપ્પણી કરીને તેમના (ભાજપ) પર કટાક્ષ કરવાનો પ્રયાસ કર્યો હતો. મારા કેટલાક મિત્રો રાજકીય વિવાદ ઉભો કરી રહ્યા છે, મારા નિવેદનનો ઊંધો અર્થ કાઢીને પ્રજામાં ખોટો ભ્રમ ઉભો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. હું તેમની ભાવનાઓને ઠેસ પહોંચાડવા માંગતો નથી. જો કોઈને દુઃખ થયું હોય તો હું તે મારે દુઃખી છું અને હું તમામની માફી માંગવા ઈચ્છું છું.'તેમણે વધુમાં કહ્યું કે, 'જો તમને લાગે છે કે, મેં કોઈ ભૂલ કરી છે, જે મેં કરી નથી, તો હું માફી માંગવા માટે તૈયાર છું.' પાર્ટી પ્રત્યેની વફાદારી દર્શાવતા તેમણે કહ્યું કે, 'ગાંધી પરિવાર પર કોઈ સવાલ ન ઉઠાવી શકે, હું જન્મથી જ કોંગ્રેસી છું. હું કોંગ્રેસમાં રહીને જ મરીશ. વિવિધ પક્ષોમાં મારા અનેક અનુયાયી અને મિત્રો છે. હું કોઈની ભાવનાને ઠેસ પહોંચાડવા માંગતો નથી. હું કોઈનાથી પણ મોટો નથી, મારું જીવન બધાને શક્તિ આપવા માટે છે. હું તમામ લોકોની મુશ્કેલીમાં તેમની સાથે ઉભો રહ્યો છું, અને હજુ પણ તેમની સાથે છું.'

૨૧ ઓગસ્ટના રોજ કર્ણાટક વિધાનસભામાં 'ચિન્નાસ્વામી નાસભાગ' મામલે ચર્ચા શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન શિવકુમારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની શાખાઓમાં ગવાતી પ્રાર્થના 'નમસ્તે સદા વત્સલે...'ની કેટલીક પંક્તિઓ સંભળાવી હતી. ત્યારબાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા બી.કે.હરિપ્રસાદે વાંધો ઉપાડીને કહ્યું હતું કે, 'શિવકુમાર વિધાનસભામાં આરએસએસની પ્રાર્થના સંભળાવીને કોઈને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમને નાયબ મુખ્યમંત્રી તરીકે શિવકુમાર દ્વારા પ્રાર્થના સંભળાવવમાં કોઈ વાંધો નથી, કારણ કે સરકાર તમામની હોય છે, આરએસએસની પણ... જો તેમણે કોંગ્રેસ અધ્યક્ષ તરીકે આવું કર્યું છે, તો તેમણે માફી માંગવી પડશે.'

# રશિયા નહીં જાપાને ભારતમાં રોકાણને લઈને કરી મોટી જાહેરાત

જાપાન, તા.૨૬

આવતીકાલથી અમેરિકા ભારત પાસેથી કુલ ૫૦ ટકા ટેરિફ વસૂલશે. ટ્રમ્પે રશિયા-ભારત વચ્ચેના સંબંધોમાં તિરાડ પાડવાના ઉદ્દેશ સાથે ભારત પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. પરંતુ ભારત ટ્રમ્પની સામે ઝૂકવાના બદલે અન્ય દેશો સાથે વેપાર કરારો કરી રહ્યું છે. ટ્રમ્પના ટેરિફનો આકરો જવાબ આપતાં ભારત રશિયા, ચીન અને હવે જાપાન સાથે ટ્રેડ ડીલ કરવા જઈ રહ્યું છે. જાપાને આગામી ૧૦ વર્ષમાં ભારતમાં ૧૦ લાખ કરોડ યેન (અંદાજે ૬૮ અબજ ડોલર)નું રોકાણ કરવાની જાહેરાત કરી છે. જેનાથી બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર સંબંધો ગાઢ થશે. જાપાનનું ભારતમાં આ રોકાણ ટ્રમ્પની પ્રેશર બનાવવાની નીતિ પર ભારે પડી શકે છે. જાપાન ભારતમાં આગામી દસ વર્ષમાં તેનું ખાનગી ક્ષેત્રે રોકાણ બમણું કરવાની યોજના ધરાવે છે. વડાપ્રધાન મોદીની બે દિવસીય જાપાન મુલાકાત દરમિયાન જાપાનના વડાપ્રધાન શિંગેરૂ ઈશિબા આ અંગે જાહેરાત કરે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે. બંને દેશો ૧૭ વર્ષ બાદ પ્રથમ વખત સંરક્ષણ ક્ષેત્રે જોડાણ કરવા જોઈન્ટ ડિકલેરેશન કરવા જઈ રહ્યા છે. આ કરાર બંને દેશોમાં સંરક્ષણ ક્ષેત્રે નડતા પડકારોને દૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.ટોક્યો ભારતમાં સેમિકંડક્ટર્સ, ટેલિકોમ્યુનિકેશન્સ, ખનીજ તત્તોવ, ક્લિન એનર્જી, ફાર્મા, અને એઆઈ જેવા ક્ષેત્રોમાં રોકાણ કરવાની યોજના ધરાવે છે. વધુમાં જાપાન ભારતની પ્રતિભાનો લાભ લેવાની આશા પણ ધરાવે છે. જાપાનીઝ મીડિયાના અહેવાલ પ્રમાણે, ભારત વિશ્વની સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. જેની પાસે ટેલેન્ટેડ એન્જિનિયર્સની અમૂલ્ય સંપત્તિ છે. ટોક્યો તેની આ પ્રતિભાને શિક્ષિત કરી ભારતમાં જાપાનીઝ કંપનીઓમાં તેમનો લાભ લેવા પર ફોકસ કરી રહ્યું છે. ૨૦૩૦ સુધી જાપાનમાં મેનપાવરની અછત ૭.૯૦ લાખે પહોંચવાની શક્યતા છે. આ અછતને દૂર કરવા તે ભારતીય પ્રતિભાની સંખ્યા બમણી કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. વધુમાં જાપાન ભારતીય સ્ટાર્ટઅપ્સમાં પણ રોકાણ કરવાની યોજના ધરાવે છે.

### CDS અનિલ ચૌહાણનું મોટું નિવેદન

# શાંતિ જાળવવી હોય તો યુદ્ધ માટે તૈયાર રહો

### ભારત હંમેશા શાંતિનો સમર્થક રહ્યો છે, પરંતુ શક્તિ વિના શાંતિ માત્ર એક કલ્પના

નવીદિલ્હી, તા.૨૬

ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ અનિલ ચૌહાણે ચીન અને પાકિસ્તાનને સીધો મેસેજ આપ્યો છે. તેમણે દેશની સુરક્ષા અને ભવિષ્યની તૈયારીઓ પર પણ ઘણી જાણકારી આપી છે. તેમણે કહ્યું કે, ભારત હંમેશા શાંતિનો સમર્થક રહ્યો છે, પરંતુ શક્તિ વિના શાંતિ માત્ર એક કલ્પના બનીને રહી જાય છે.

જનરલ ચૌહાણે ઓપરેશન સિંદૂર અને આગામી સમયમાં ભારતની નવી સંરક્ષણ પ્રણાલી સુદર્શન ચક્ર પર પણ ખુલીને ચર્ચા કરી. CDSએ કહ્યું કે, આધુનિક પડકારોનો સામનો કરવા માટે માત્ર શાંતિની ઈચ્છા પૂરતી નથી, પરંતુ તેની સાથે-સાથે વ્યૂહાત્મક શક્તિ અને તૈયારીઓ પણ જરૂરી છે. તેમણે કહ્યું કે, સુદર્શન ચક્ર દેશના લશ્કરી અને નાગરિક સ્થળોનું રક્ષણ તો કરશે જ, પરંતુ આ સાથે જ તે ભારતની સંરક્ષણ વ્યૂહરચનામાં એક નવી દિશા પણ નક્કી કરશે. CDS ચૌહાણે સ્પષ્ટતા કર્યું છે કે ભારત હંમેશા શાંતિના પક્ષમાં રહ્યું છે, પરંતુ શક્તિ વિના શાંતિ માત્ર એક કલ્પના છે. ભારત એક શાંતિપ્રિય રાષ્ટ્ર છે, પરંતુ આપણને કોઈપણ સંજોગોમાં શાંતિવાદી ન સમજવું જોઈએ. શાંતિ જાળવવા માટે શક્તિ જરૂરી છે. કારણ કે એક લેટિન કહેવત છે કે જો તમારે શાંતિ જાળવવી હોય, તો યુદ્ધ માટે તૈયાર રહો.

ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, તે એક આધુનિક સંઘર્ષ હતો જેમાંથી ઘણા મહત્વપૂર્ણ પાઠ શીખવા મળ્યા છે. ઘણા સુધારા લાગુ કરવામાં આવી ચૂક્યા છે અને કેટલાક પર કામ ચાલી રહ્યું છે. આ ઓપરેશન હજુ પણ ચાલુ છે, પરંતુ આ સેમિનારનો હેતુ ઓપરેશન સિંદૂરની ચર્ચા કરવાનો નથી, પરંતુ તેની આગળની વ્યૂહરચના વિશે વાત કરવાનો છે.

ભારતની નવી સંરક્ષણ પ્રણાલી સુદર્શન ચક્ર અંગે તેમણે કહ્યું કે, વડાપ્રધાને ૧૫ ઓગસ્ટના રોજ તેનો ઉલ્લેખ કર્યો હતો અને આશા વ્યક્ત કરી હતી કે તે ૨૦૩૫ સુધીમાં તૈયાર થઈ જશે. આ સિસ્ટમ ભારતના મહત્વપૂર્ણ લશ્કરી, નાગરિક અને રાષ્ટ્રીય સ્થળોને સુરક્ષિત રાખવામાં મદદ કરશે.

### પ્રધાનમંત્રી જીવન જયોત વીમા યોજના હેઠળ

# લાઠીનાં આસોદર ગામની એસબીઆઈ દ્વારા ખાતાધારકનાં વારસદારને ૨ લાખનો ચેક એનાયત

### બેન્ક મેનેજરનાં હસ્તે ચેક અર્પણ થયો



બાબરા, તા. ૨૬

લાઠી તાલુકાના લુવારીયા ગામે રહેતા બસિયા બદરૂભાઈ સુરગભાઈ અને આસોદર ગામમાં રહેતા ભવાણીયા સોનલબેન રાણાભાઈ આ બનેનું દુઃખદ અવસાન થતાં તેઓએ એસબીઆઈ બેંકમાં ખાતું ખોલાવેલ અને પ્રધાનમંત્રી જીવનજયોત વીમો ઉતારેલ હતો જેથી પ્રધાનમંત્રી જીવન જયોત વીમા હેઠળ હાલ સોનલબેન ભવાણીયા અને બદરૂભાઈ બસિયાનું અવસાન થતા તેમના દ્વારા પ્રધાનમંત્રી જીવન જયોત વીમો ભરવામાં આવ્યો હતો. અને તેનું વાર્ષિક પ્રિમિયમ રૂા. ૪૩૬ પણ બેંકમાંથી સીધુ ભરાયુ હતું. ત્યારે એસબીઆઈ બેન્ક આસોદર શાખા દ્વારા વિમા ધારકના વારસદારને રાણાભાઈ ભવાણીયાને રૂ બે લાખનો ચેક તેમજ નિરૂબેન બસિયાને રૂ બે લાખનો ચેક આસોદર એસબીઆઈ બેન્ક શાખાના મેનેજર નિરવસિંહ ગોહિલના હસ્તે બેંકમાં આપવામાં આવ્યો હતો.

બેન્કમેનેજર દ્વારા બેન્કમાં ખાતાધારકને પ્રધાનમંત્રી પ્રધાનમંત્રી જીવન જયોત વીમાનો સીધો લાભ મળે તે માટે બેંકમાં જરૂરી ડોકયુમેન્ટ તેમજ અન્ય માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી હતી.

# અમરેલી ખાતેથી અલખ યાત્રાને પ્રસ્થાન કરાવતાં ઈફ્કો ચેરમેન દિલીપ સંઘાણી



સત અને સંતથી મહેકતી સૌરાષ્ટ્રની સુપ્રસિધ્ધ ભૂમિ એટલે સતધાર, રોટલો અને ઓટલો આપતી. પ્રકૃતિનું જતન કરતી અને દિવ્ય આસ્થાનું સ્થાન સતાધાર ધર્મસ્થાન જગપ્રસિધ્ધ છે. આસ્થા સ્થાને દિવ્ય દર્શનના શુભઆશ્રય સાથે અમરેલી, બગસરા, સાવરકુંડલાના વિવિધ સ્થાનો પરથી ''સતાધાર અલખ યાત્રા''નું આયોજન કરવામા આવેલ. નાગદેવતાનું મંદિર–અમરેલી ખાતે ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી દ્વારા નાગદેવતાની આરતી અને શંખનાથ દ્વારા અલખ યાત્રાનું પ્રસ્થાન કરાવવામા આવેલ આ તકે અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, મોટાભાઈ સંવટ, નાગદેવતા મંદિરના મહંત હાર્દિકબાપુ, શિક્ષણવિદ મુકુંદભાઈ મહેતા, અલ્કાબેન ગોંડલીયા, સુરેશભાઈ સોલંકી, કિશોરભાઈ સોનીગરા, મીનલબેન ટાંક, દયાબેન આજુગીયા, દિવ્યાબેન પંડયા, જયસુખભાઈ કસવાળા સહીત ધર્મપ્રિય જનતા વિશાળ સંખ્યામા ઉપસ્થિત રહી હતી તેમ યાત્રા સંયોજકની અખબારી યાદીમા જણાવાયેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં સીમરણ ગામમાં

ખુલ્લી છે બાકીના ગાંડાબાવળ ઊભા હોય ને પશુઓ તેમાં ચરિયાણ ન કરી શકતા હોવાથી આજે ૧૦૦ જેટલા પશુપાલકો, માલધારીઓ સ્થાનિકોને સાથે લઈને ગૌચર દબાણ દૂર કરવાની માંગ સાથે સીમરણ ગામેથી પશુઓ સાથે પ્રાંત કલેકટર અને મામલતદારને આવેદનપત્ર પાઠવવા પંહોચ્યા હતા. ત્યારે મામલતદાર કચેરીના દરવાજા બંધ કરીને પશુઓને અંદર પ્રવેશવા દીધા ન હતા ને માલધારીઓ પ્રાંત કલેકટર અને મામલતદારને આવેદનપત્ર પાઠવીને પશુઓના ગૌચર ખુલ્લા કરવાની માંગ કરવામાં આવી હતી ને પશુપાલકોએ ગૌચર દબાણ સામે કડક કાર્યવાહી કરીને ગૌચર ખુલ્લું કરીને પશુઓ માટે ચરિયાણ થઈ શકે તેવી રજૂઆત સરપંચ સહિતના માલધારીઓએ કરી હતી.

ગૌચર દબાણ અંગે પ્રાંત કલેકટર ઝેડ.વી. પટેલે પંચાયત અધિનિયમમાં સરપંચને દબાણ દૂર કરવાની જોગવાઈ હોય જયારે ત્રણ વર્ષ જેવું વહીવટદાર શાસન હતું ને ર માસ જેવો સરપંચને સમય થયો હોય. ત્યારે ડીએલઆરમાં જમીન માપણી કરાવીને દબાણ સામે કાર્યવાહી કરવાની હૈયા ધરપત આપી હતી.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૭૫ | ૧૦૩૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૮૩૫ | ૧૦૦૦ |
| ૩ | શિંગ મોટી | ૭૦૫ | ૧૦૮૦ |
| ૪ | શિંગદાણા | ૧૦૫૦ | ૧૪૦૫ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૧૧૩૫ | ૧૨૯૫ |
| ૬ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૭૫ |
| ૭ | તલ કાળા | ૨૩૦૦ | ૪૪૦૧ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૦૩૦ | ૨૨૦૦ |
| ૯ | બાજરો | ૩૭૫ | ૪૭૦ |
| ૧૦ | જુવાર | ૩૯૮ | ૭૬૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૩ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૨૮ | ૫૭૭ |
| ૧૩ | મગ | ૧૧૦૨ | ૧૪૭૨ |
| ૧૪ | અડદ | ૧૨૩૫ | ૧૪૫૬ |
| ૧૫ | ચણા | ૮૧૫ | ૧૧૭૮ |
| ૧૬ | સફેદ ચણા | ૧૧૦૬ | ૧૧૫૦ |
| ૧૭ | છોલે ચણા | ૧૫૩૧ | ૧૫૩૧ |
| ૧૮ | તુવેર | ૧૦૪૦ | ૧૨૦૧ |
| ૧૯ | કપાસ | ૮૬૬ | ૧૬૫૦ |
| ૨૦ | એરંડા | ૮૧૬ | ૧૨૬૮ |
| ૨૧ | જીરૂ | ૨૫૦૦ | ૩૪૭૫ |
| ૨૨ | રાય | ૧૪૦૦ | ૧૪૯૫ |
| ૨૩ | ગમ ગુવાર | ૬૦૦ | ૮૦૫ |
| ૨૪ | ધાણા | ૧૦૦૦ | ૧૩૯૦ |
| ૨૫ | મેથી | ૭૦૦ | ૮૯૪ |
| ૨૬ | સોયાબીન | ૭૦૦ | ૮૭૬ |
| ૨૭ | રજકાનુ બી | ૫૦૦૦ | ૭૯૦૦ |
| ૨૮ | કાંગ | ૩૦૦ | ૪૩૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં

રહેતા ભાવેશભાઈ વાઘાભાઈ જેઠવા નામના ૪૦ વર્ષિય યુવક આર્થિક ભીંસના કારણે સતત ચિંતા કરતા હોય. જેથી તે યુવકને મનમાં લાગી આવતા ગત તા. ૨૫ના સાંજના આશરે છ વાગ્યે ડેડાણ ગામે પોતાના રહેણાંક મકાને ગળાફાંસો ખાઈ જતા તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં બગસરા ગામે આવેલ કેનાલ પાસે રહેતા જયાબેન રમેશભાઈ દુધરેજીયા નામના ૬૦ વર્ષિય વૃધ્ધાને ગત તા. ૨૩ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે બગસરા તાલુકાના માણેકવાડા ગામે અચાનક ચકકર આવી તે મોટર સાયકલ ઉપરથી નીચે પડી જતા બેભાન થઈ જતાં સારવાર માટે પ્રથમ બગસરા અને ત્યાર બાદ વધુ સારવાર માટે અમરેલી અને રાજકોટ લઈ જતા વૃધ્ધાનું સારવાર દરમ્યાન મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે ત્રીજા બનાવમાં મધ્ય પ્રદેશના વતની અને હાલ સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે રહેતા સાયમલભાઈ ઉર્ફે શ્યામલભાઈ ટેટીયાભાઈ ઉર્ફે પેટીયાભાઈ જામરે નામના ૪૫ વર્ષિય આધેડને પત્નિ મળેલ ન હોય. જેથી તેમને મનમાં દુઃખ લાગી આવતા ગત તા. ૧૯ના સાંજના આશરે ૫ વાગ્યાની આસપાસ છાપરી ગામે આવેલ વાડીએ એકલા હોય ત્યારે ઝેરી દવા પી જતા તેમને સારવાર માટે ખસેડાતા તેમનું સારવાર દરમિયાન મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરદોસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૦૪૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૦૫ |
| ૩ | તલ કાળા | ૩૬૦૦ | ૪૩૧૧ |
| ૪ | જીરૂ | ૩૩૫૦ | ૩૬૫૧ |
| ૫ | કપાસ | ૧૧૭૦ | ૧૬૪૭ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૬ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૬૦૧ |
| ૯ | જુવાર | ૪૫૦ | ૬૫૦ |
| ૧૦ | અડદ | ૧૧૧૨ | – |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ૧૨ | તુવેર | ૧૧૦૦ | ૧૨૫૫ |
| ૧૩ | રાય/રાયડો | ૧૨૦૦ | – |
| ૧૪ | સોયાબીન | ૭૫૨ | – |

## પાના ૮ ઉપરનું ચાલું વીજપડીનાં વેપારીનાં બેન્ક ખાતામાંથી

પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે આવેલ એસ.બી.આઈ. બેન્કની બાજુમાં રહેતા ઉમેશભાઈ ચંદુલાલ નગદીયા નામના ૫૪ વર્ષિય વેપારીના મોબાઈલના નંબર વોટસએપમાં કોઈ અજાણ્યા નંબર પરથી આરટીઓ ચલણ નામની ફાઈલ આવેલ હોય. જેના દ્વારા આ અજાણ્યા ઈસમ વેપારીનો ફોન હેક કરી વેપારીના બેંક એકાઉન્ટમાંથી ગત તા. ૨૮/૬/૨૫ થી તા. ૩૦/૬/૨૫ ના સાંજના ૭:૩૦ વાગ્યા સુધીમાં જુદી જુદી રકમના ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૧,૯૯,૯૫૯ કોઈ અજાણ્યા ઈસમે ઉપાડી લઈ વેપારી સાથે ઠગાઈ કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૦૦ | ૧૦૯૫ |
| ૨ | તલ સફેદ | ૧૫૧૫ | ૧૮૦૦ |
| ૩ | જીરૂ | ૨૮૧૦ | ૩૬૦૦ |
| ૪ | ઘઉં | ૪૮૦ | ૫૧૯ |
| ૫ | ચણા | ૧૦૫૫ | ૧૧૩૨ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૧ | ૮૦૧ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૦૩૫ |
| ૩ | તલ પીળા | ૧૮૨૫ | ૧૦૨૭ |
| ૪ | કપાસ | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૫ | બાજરો | ૩૬૦ | ૫૬૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૬ | ૬૨૮ |
| ૭ | જુવાર | ૪૨૬ | ૮૨૬ |
| ૮ | મગ | ૧૪૯૧ | ૧૪૯૧ |
| ૯ | ચણા | ૭૦૦ | ૭૦૦ |
| ૧૦ | જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ૧૧ | ધાણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૨ | રાય | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૧૩ | શીંગદાણા | ૮૫૦ | ૮૫૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બગસરાનાં જેઠીયાવદર ગામે

થઈ પશુપાલકે તનતોડ મહામહેનત કરી હતી. તેમ કરવા છતાં આ ઘેટાંને બચાવી શકાયું ના હતું. બાદમાં સ્થાનિક લોકોએ વનવિભાગને જાણ કરી અજગરનું રેસ્કયુ કરવા રજૂઆત કરી હતી. યુવક મંડળના હરેશભાઈ આખજા, અનિલભાઈ ચૌહાણ, જગદીશભાઈ વાવડીયા, વિજયભાઈ રાઠોડ, સહિતના મિત્રો ભારે જહેમત ઉઠાવે છે તેમજ સ્થાનિક પોલીસમાં પીઆઈ તેમજ પીએસઆઈ પોલીસ સ્ટાફ, હોમગાર્ડ, ટી આર બીજવાનો દ્વારા પૂરતી ટ્રાફિક વ્યવસ્થા અને કાયદો વ્યવસ્થા જાળવી પૂરતો બંદોબસ્ત જાળવણી રાખ્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલાનાં વેપારી યુવક પાસેથી

ગોહીલ નામના ૨૫ વર્ષિય વેપારી યુવકને અલગ–અલગ સમયે ઉંચા વ્યાજથી રૂપિયા આપી યુવક પાસેથી વ્યાજના નાણા ઉઘરાવી વેપારી પાસે હાલમાં રૂપિયાની સગવડ ના હોય. જેથી આરોપીને વ્યાજના નાણાં નહી ચુકવી શકતા ગત તા. ૨૫ના આશરે પોણા ત્રણેક વાગ્યે, રાજુલા તાલુકાના જુના ઝાપોદર ગામે આરોપીએ યુવકને ફોન કરી અવાર–નવાર વ્યાજના રૂપિયાની પઠાણી ઉઘરાણી કર્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પાના ૮ ઉપરનું ચાલું વન્ય પ્રાણી સસલાનો શિકાર

–૨ ગોઠવી શિકાર કરવાની કોશિશ કરવા બાબત/વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ અનવ્યે ગુનો આચરતા ઈસમ વિઢ્ઢ લીલીયા રાઉન્ડ ગુના નંબર : ૧/૨૦૨૫/૨૬ તા. ૨૪/૮/૨૦૨૫થી ગુનો નોધવામાં આવેલ. બાદમાં ઈસમ ગુનો તર્જોડ કરવા માંગતા હોય, એડવાન્સ રીકવરી પેટે રૂ. ૨૫,૦૦૦/– (રૂપિયા પચીસ હજાર પુરા) મ.ર.નં.૦૮૪૬૭૨૬ તારીખ ૨૪/૮/૨૦૨૫થી વસુલ કરી ગુનો તર્જોડ કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## જાહેર નોટિસ

**અમરેલીના મહે.પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીની કોર્ટમાં, રૂમ નં.૧૦૧**
**મુકામ : અમરેલી**

દિવાની પરચૂરણ અરજ નં.૨૩/૨૦૨૫
મુદત તારીખ : ૨૨/૦૯/૨૦૨૫
અરજદાર તરફે વિ.વ.શ્રી એ.બી.ભટ્ટ

**અરજદાર :** મુકેશભાઈ પ્રભુદાસ નીમાવત, રહે. અકાળા, તા. લાઠી, જિ. અમરેલી

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :–** ––––––––––––૦૦૦––––––––––

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, આ કામનાં ઉપરોકત અરજદારે અત્રેની અદાલતમાં ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટની કલમ–૭ તથા ૧૦ અન્વયે આ કામના અરજદારના પુત્રી **આશાબેનનું** અરજદારના જમાઈ દ્વારા મૃત્યુ નિપજાવવામાં આવતા, અરજદારના જમાઈ હાલ જેલમાં હોય અને અરજદારના ગુજરનાર પુત્રી આશાબેનના સગીર સંતાનો (૧) દિશા પરેશભાઈ નિમાવત, ઉ.વ. ૧૨ (૨) સીયા પરેશભાઈ નિમાવત, ઉ.વ. ૭ (૩) વિશ્વા પરેશનભાઈ નિમાવત, ઉ.વ. ૪ તથા (૪) નૈતિક પરેશભાઈ નિમાવત, ઉ.વ. ૨નાઓ હાલ આ કામના અરજદાર સદર સગીરોના દાદા (નાના) થતા હોય, અરજદારની સાથે રહે છે. સદર સગીરોને વિકટીમ કોમ્પેન્સેશન સ્કીન–૨૦૧૯ હેઠળ ડી.એલ.એસ.એ.–અમરેલી મારફત રૂા. ૨,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા)ની આર્થિક સહાય સગીરો સુધી પહોંચાડવા માટે સગીરોના નામે બેંક એકાઉન્ટ ખોલાવવા તથા સગીરોને મળતી અન્ય સહાય યોજના અન્વયે લાભો અપાવવા, બેંક ખાતાનું સંચાલન કરવા તથા જરૂરી ફોર્મમાં સગીરો વતી સહીઓ કરવા તેમજ સગીરોના ખાતે રકમ મુકવા તથા જરૂરી જણાયે સગીરોના ખાતે રહેલ રકમ મેળવી, સગીરોના હિતમાં ઉપયોગ કરવા અને તેનો હિસાબ રાખવા આ કામના અરજદારની વાલી તરીકે નિમણુંક કરી તે મુજબ આગળ કાર્યવાહી કરવા અત્રેની કોર્ટમાં હાલની આ દિવાની પરચુરણ અરજ કરેલ છે.

આમ, આ અરજી મુજબ જણાવેલ વિગતની સામે કોઈને પણ વાંધો તકરાર હોય, તેઓએ તેમના આધાર પુરાવા સાથે મુ. તા. : **૨૨/૦૯/૨૦૨૫** ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦–૪૫ કલાકે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો નામ.કોર્ટ આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરશે જેની લાગતાવળગતા સર્વેએ નોંધ લેવી.

આજ તા.**૨૨ મી**, માહે : **ઓગષ્ટ**, સને – **૨૦૨૫**ના રોજ મારી સહી તથા સીક્કો કરીને આપ્યા.

**તૈયાર કરનાર** (એ.કે.મકવાણા) સીની.કલાર્ક(સીવીલ બ્રાન્ચ) પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી

**મુકાબલ કરનાર** (આર.કે. બંધીયા) બેન્ચ કલાર્ક, ગ્રેડ–૧ પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી

સિક્કો

**હુકમથી** (એચ.ડી.વસાવડા) હેડ કલાર્ક, (સીવીલ બ્રાન્ચ) પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી


# અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ ખેલાડીઓને પ્રમુખ વસંતભાઈ ગજેરાના હસ્તે પ્રોત્સાહિત કરાયા



અમરેલી, તારીખ ૨૪ ઓગષ્ટ ૨૦૨૫ રવિવારના રોજ અમરેલી શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલમાં તાજેતરમાં SGFIની રમતોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી મેડલ પ્રાપ્ત કરનાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની ખાસ મુલાકાત અવસરે પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા ખેલાડીઓના સંઘર્ષ, મહેનત અને પ્રતિભાની પ્રશંસા કરતાં કહ્યું કે, ''રમતગમત માત્ર શારીરિક શકિત જ નહીં પણ માનસિક શકિત અને આત્મવિસનો પણ પરિચય છે. તમારૂ પ્રતિનિધિત્વ એ સમગ્ર સંસ્થાનું ગૌરવ છે.'' સંસ્થાના તમામ ખેલાડીઓ આગળ પણ આવી જ રીતે રાજય અને રાષ્ટ્રીય સ્તરે પ્રગતિ કરી સંસ્થાનું તથા જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવેલ. અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા સ્પર્ધકો અને ટ્રેનરોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેવું વિદ્યાસભાની યાદી જણાવે છે.

# અમરેલી ખાતે યોગ બોર્ડ અને સ્પોર્ટ્સ વિભાગ દ્વારા એક્વા યોગ અને ઝુમ્બા સેશન યોજાયુ



ગુજરાત રાજય યોગ બોર્ડ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે નેશનલ સ્પોર્ટ્સ ડે-૨૦૨૫ અને સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાનના સંયુકત ઉપક્રમે અમરેલી જિલ્લા રમત સંકુલ ખાતે આવેલા સ્વિમિંગ પુલમાં, અમરેલી શહેરમાં પ્રથમવાર જ એક્વા યોગ અને ઝુમ્બા સેશન યોજાયું હતું. અમરેલીના નાગરિકોને સ્વસ્થ જીવનશૈલી તરફ દોરી જવાની પ્રેરણા પૂરી પાડવાના ઉદ્દેશ્યથી આ નવતર પ્રયોગ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારી પૂનમ ફૂમકિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાત રાજય યોગ બોર્ડના જિલ્લા કો-ઓર્ડિનેટર સાગર મહેતાએ પાણીમાં યોગાસનનો અભ્યાસ કરાવ્યો હતો અને કેતન મહેતાએ ઝુમ્બા (કસરત)નો અભ્યાસ કરાવ્યો હતો. અમરેલીમાં પ્રથમવાર યોજાયેલા નવતર પ્રયોગ વિશે સાગર મહેતાએ જણાવ્યુ કે, એક્વા યોગ એટલે પાણીમાં યોગ અભ્યાસ. કોઈ પણ કસરત પાણીમાં કરવામાં આવે તો સામાન્ય સ્થિતિ કરતા તેમાં વધુ ઉર્જા ખર્ચ થાય છે. આ સેશનમાં પાણીમાં પ્લાવિની પ્રાણાયમની પ્રેકિટસ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત ઉભય મુદ્રામાં થઈ શકે તેવા આસનનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. આ સેશનમાં અમરેલીના નાગરિકોએ એક્વા યોગનો અનુભવ કરી અને મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન તરફ એક વિશેષ પ્રયાસ કર્યો હતો. રાજય સરકાર દ્વારા નાગરિકોને સ્વસ્થ જીવન શૈલી તરફ દોરી જવા માટે સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન ચલાવવામાં આવ્યું છે ત્યારે અમરેલી જિલ્લામાં આ અભિયાનને દિનપ્રતિદિન ઉત્તમ પ્રતિસાદ મળી રહ્યો છે, તેમ અમરેલી જિલ્લા યોગ કો-ઓર્ડિનેટર સાગર મહેતાની એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

### વાંડળીયાનાં સરપંચ લલિત વેકરીયાની રજુઆતથી

## બાબરાનાં વાંડળીયાથી લાઠીના હરસુરપુર ગામને જોડતા માર્ગ ઉપર માઈનોર બ્રિજ બનશે

### ધારાસભ્ય જનક તળાવીયા એ રૂ.૧૫ કરોડ મંજુર કરાવ્યા

બાબરા, તા. ૨૬

બાબરાના વાંડળીયા ગામના યુવા સરપંચ અને તાલુકા યુવા ભાજપ મહામંત્રી લલીતભાઈ વેકરીયાની મેહનત ફળી, સરપંચ દ્વારા ગ્રામજનો લાગણી અને માંગણીની રજુઆત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને કરવામાં આવી હતી. કે અહીં નદીના પટમાં એક માઈનોર બ્રિજ બનાવવા આવે તો વાંડળીયા અને લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા ગામના લોકોને ખેડૂતો ને પરિવહનમાં રાહત મળી શકે તેમ છે. વાંડળીયા ગામના લોકોની ઘણા સમયથી માંગ હતી કે વાંડળીયા ગામમાં પાદર થી હસુરપુર દેવળીયા તરફના માર્ગ વચ્ચે ગાગડીયા નદી પર પુલ બનાવવામાં આવે જેથી કરી ચોમાસામાં અવરજવર માટે લોકો ને સગવડ સારી રહે. આ બાબતે વાંડળીયા ગામના યુવા સરપંચ અને તાલુકા યુવા ભાજપ મહામંત્રી લલીતભાઈ રમેશભાઈ



વેકરીયા દ્વારા વારંવાર ગ્રામજનોના હિત માટે સતત પ્રયત્નશીલ રહી .આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત તથા બાબરા લાઠી દામનગર ના જાગૃત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને લેખિત મૌખિક રજૂઆતો કરી વાંડળીયા ગામમાં પાદરથી હરસુરપુર દેવળીયા તરફના માર્ગ વચ્ચે ગાગડીયા નદી પર પુલ બનાવવા માટે બેઠલો કોજવે છે. એ જગ્યા પર ઉંચો પુલ બનાવવા માંગ કરી હતી



અને સરપંચ અને ગ્રામજનો ની રજૂઆત ને ધ્યાનમાં લઈ ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા આ પુલ બનાવવા માટે રૂપિયા ૩ કરોડ અને ૧૫ લાખ સરકારમાંથી મંજુર કરાવ્યા છે અને ટુક જ સમયમાં આ પુલની કામ ગીરી ચાલુ કરવામાં આવશે સરપંચ લલીતભાઈ વેકરીયા એ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

### રાજુલાની એડી.ચીફ કોર્ટમાં કેસ ચાલી જતા

## માંડળ ગામે ફરજ રૂકાવટનાં ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

### બચાવપક્ષે એડવોકેટ શૈલેષ બી. બાબરીયાની દલીલો સફળ

અમરેલી, તા. ૨૬

રાજુલાની એડી ચીફ જયું મેજિસ્ટ્રેટની કોર્ટમાં કેસ ચાલી જતાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે. આ કામની ટૂંકમાં હકીકત એવી છે, કે આ કામના ફરિયાદી પોલીસ અધિકારીઓ દારૂના કામે રેડ પાડવા ગયા હતા. ત્યાં એક આરોપી નાનજીભાઈની અટક કરવામાં આવી ત્યાર બાદ તેજ ગામના ૧૭ લોકો દ્વારા પોલીસ અધિકારીઓ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો અને તે આરોપીને ભગાડી લઈ ગયાની અને ફરજ રૂકાવટ અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી તેમાં મુખ્ય આરોપીઓ (૧) વાલજીભાઈ આતુંભાઈ વાળા, (૨) નાનજીભાઈ આતુંભાઈ, (૩) રાહુલ ભાઈ, (૪) કિરીટ ભાઈ, (૫) નરેશભાઈ ઉર્ફે નીતિનભાઈ, (૬) હરેશભાઈ માવજીભાઈ વાળા વિગેરે આરોપીઓની અટક કરવામાં આવી ત્યાર બાદ તારીખ ૧૩/૯/૨૦૧૫ના રોજ ડુંગર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.



૨૧/૨૦૧૫થી ફરિયાદ દાખલ કરવામાં આવી.

જેમાં આઈ પી સી કલમ ૩૩૨, ૩૫૩, ૩૪૧, ૨૨૫, ૫૦૪, ૧૪૩, ૧૪૭, ૩૪, ૧૧૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરીને અંત્રેની અદાલતમાં રજૂ કરવામાં આવેલ.

ત્યારબાદ રાજુલાના એડી ચીફ જયું મેજિસ્ટ્રેટ જજની કોર્ટમાં કેસ ચાલી જતાં વિદ્વાન વકીલ શૈલેષ બી. બાબરીયાની દલીલો ગાહ્ય રાખીને તમામ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ તારીખ ૧૮/૮/૨૫ના રોજ કરવામાં આવેલ છે.

### નીલકંઠ યુવક મંડળ દ્વારા આયોજિત

## બાબરામાં શ્રી નીલકંઠ મહાદેવ પંચકુંડની જગ્યામાં યોજાયેલ ૪ દિવસનાં લોકમેળાનુ થયુ સમાપન

### સ્થાનિક પોલીસ ટીમે ચાંપતો બંદોબસ્ત ગોઠવેલ

બાબરા, તા. ૨૬

બાબરામાં વર્ષોથી અહીં પૌરાણિક શિવાલય શ્રી નીલકંઠ મહાદેવ પંચકુંડની જગ્યામાં મંદિરના લભાર્થે પરંપરાગત અને પાંચાળની ઝાંખી કરાવતો લોકમેળાનું આયોજન અહીના નીલકંઠ યુવક મંડળ દ્વારા કરવામાં આવે છે. અહીં પંચકુંડમાં યોજાતો લોક મેલા ને ભાદરવી અમાસ મેળા તરીકે પણ ઓળખવામાં આવે છે. અહીં અમાસના આગલા દિવસથી અહીં દબદબાભેર મેલાનો પ્રારંભ કરવામાં આવે છે તેમજ ભાદરવી અમાસના દિવસે અહીં સમગ્ર સૌરાષ્ટ્રમાં થી લોકો પિતૃ તર્પણ કરવા માટે પંચકુંડે આવે છે અને મેળાનો આનંદ માણે છે.

અહીં પંચકુંડની વિશાલ જગ્યાએ આયોજિત ભવ્ય અને મનોરંજનના ખજાના સાથે લોકમેળામાં વિવિધ રાઈડસની સાથે ખાણી- પીણીના અને ખરીદીના સ્ટોલની પણ લોકો મુલાકાત કરી રહ્યા હતા. આ લોકભારતીગળ મેળામાં બાબરા, ચિતલ, અમરેલી, જસદણ ,બોટાદ,



ગઢડા સહિત વિસ્તારના લાખો લોકો ચાર દિવસમાં મેલાની મુલાકાત કરી આનંદ માણે છે.

સમગ્ર મેળાના નીલકંઠ યુવક મંડળના હરેશભાઈ આખજા,અનિલભાઈ ચૌહાણ, જગદીશભાઈ વાવડીયા, વિજયભાઈ રાઠોડ,સહિતના મિત્રો ભારે જહેમત ઉઠાવે છે તેમજ સ્થાનિક પોલીસમાં પીઆઈ તેમજ પીએસઆઈ પોલીસ સ્ટાફ ,હોમગાર્ડ, ટીઆર બીજવાનો દ્વારા પૂરતી ટ્રાફિક વ્યવસ્થા અને કાયદો વ્યવસ્થા જાળવી પૂરતો બંદોબસ્ત જાળવણી રાખ્યો હતો.

### ડી.એમ. ફંડમાંથી રકમની ફાળવણી

## કુંકાવાવનાં અરજણસુખ ગામે રૂપિયા ૭૫ લાખનાં ખર્ચે ૧૨ વિકાસ કાર્યો થશે

### નાયબ દંડક કૌશિક વેકરીયાની જહેમત રંગ લાવી

અમરેલી, તા. ૨૬

ડિસ્ટ્રિકટ મિનરલ ફાઉન્ડેશન ફંડ અંતર્ગત કુંકાવાવ તાલુકાના અરજણસુખ ગામ માટે ધારાસભ્ય કૌશિક વેકરીયાના પ્રયત્નોથી ગામની આંતરમાળખાકીય સુવિધાઓમાં વધારો થાય તે માટે વિવિધ વિકાસલક્ષી કામો મંજૂર કરવા ભલામણ કરવામાં આવેલ. જે સંદર્ભે અરજણસુખ ગામને આંતરમાળ



ખાકીય સુવિધાઓ જેવી કે, સી.સી.રોડ, બ્લોક રોડ, કોઝ વે, પીવાના પાણી માટે ટાંકો, મોટર અને પાઈપ સાથે, અમૃત સરોવર વગેરે જેવા કામો માટે ડી.એમ.એફ. ફંડમાંથી પંચોતેર લાખ જેવી માતબર રકમની ફાળવણી થતા, આગામી દિવસોમાં અરજણસુખ ગામ વિવિધ વિકાસલક્ષી કામોથી નવું કલેવર ધારણ કરશે.

## સાવરકુંડલા : મહંત નાનજી ભગતનાં અનુષ્ઠાનની પૂર્ણાહુતિ



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા ખાતે આવેલ સંતશિરોમણી આપાલાખાની જગ્યાનાં મહંત નાનજી ભગત પવિત્ર શ્રાવણ માસ દરમિયાન અનુષ્ઠાન રાખેલ. જેમાં સમગ્ર શ્રાવણ માસ દરમિયાન ભગવાન શ્રી શિવ પાર્વતી અને સંત આપાલાખાની મૌન રહી ધ્યાન, ધારણા અને પ્રાર્થના કરવામાં આવે છે. શ્રાવણ માસ પૂર્ણ થતાં મહંત નાનજી ભગતે અનુષ્ઠાનની પુર્ણાહૂતિ કરી હતી અને નિમિત્તે આંતરરાષ્ટ્રીય સંત શિરોમણી રવિદાસ વિશ્વ મહાપીઠના અમરેલી જિલ્લા મહામંત્રી રણજીતભાઈ વાળા અને સમગ્ર સમાજના આગેવાનો દ્વારા મહંત નાનજી ભગતનું ફૂલહાર અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે મનોજભાઈ વાઘ, રમેશભાઈ વેગડા, દાનાભાઈ સોંધરવા, નાનજીભાઈ સોંધરવા, વલ્લભદાસ બાપુ, જીતુભાઈ સોંધરવા, ચંદુભાઈ બગડા, તુષારભાઈ ચોપડા મનીષભાઈ વિંઝુડા અને પ્રકાશભાઈ વેગડા સહિત વિશાળ સંખ્યામાં સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી : મોંઘીબા મહિલા કોલેજ દ્વારા કવિ નર્મદની જન્મજયંતી અને વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી



અમરેલી, તા. ૨૬

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીના ગુજરાતી વિભાગ દ્વારા તારીખ ૨૫/૮/૨૦૨૫ના રોજ વીર કવિ-નર્મદની જન્મજયંતી અને વિ ગુજરાતી ભાષા દિવસની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆતમાં ગુજરાતી વિભાગના વિભાગાધ્યક્ષ ડો. નિરૂપા ટાંક દ્વારા કાર્યક્રમની ભૂમિકા બાંધવામાં આવી અને વિ ગુજરાતી ભાષા દિવસ તેમજ કવિ નર્મદના વિચારો દ્વારા નર્મદના વ્યકિતત્વનો વિદ્યાર્થીને પરિચય કરાવ્યો. ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલ ડા. જી. વી. વેલિયત દ્વારા પ્રસંગોચિત ઉદ્બોધન કરવામાં આવ્યું અને ગુજરાતીના પ્રા. શોભનાબહેન ભેંસાણીયા દ્વારા કવિ નર્મદના જીવન અને સાહિત્યની વાત કરવામાં આવી હતી. ત્યારબાદ કવિ નર્મદના જીવનને કેન્દ્રસ્થ કરતી એક નાટ્યપ્રસ્તુતિ F.Y. અને S.Y.ની વિદ્યાર્થિની બહેનો દ્વારા કરવામાં આવી. આ ઉપરાંત કવિ નર્મદના કાવ્યનું પઠન, ગઝલ પઠન વગેરે જેવી પ્રસ્તુતિ વિદ્યાર્થિની બહેનો દ્વારા થઈ હતી. અને કાર્યક્રમના અંતે સંસ્કૃત વિભાગના અધ્યક્ષા પ્રા. ડો. વિલાસબહેન સોરઠીયા દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન S.Y.ની વિદ્યાર્થિની રેણુ અને શ્રદ્ધા દ્વારા કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રિન્સિપાલ ડો. જી.વી. વેલિયત સમગ્ર સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થિની બહેનોએ જહેમત ઉઠાવી હતી.

## વડીયા અને બગસરા તાલુકામાં ફટાકડા વેચાણ લાયસન્સ મેળવવા તા.૨૨ સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૨૬

સરકારની વખતોવખતની માર્ગદર્શિકા મુજબ ફટાકડા વેચાણ લાયસન્સ મેળવું આવશ્યક છે. આગામી સમયમાં આવતા દિવાળીનાં તહેવાર દરમિયાન બગસરા સબ ડિવિઝનમાં આવેલા વડિયા તેમજ બગસરા તાલુકામાં હંગામી (ટેમ્પરરી) ફટાકડા (દારૂખાનુ) રાખવા તથા વેચાણ કરવા માંગતા હોય તેમણે જરૂરી કાર્યવાહી કરવી.

ફટાકડા (દારૂખાનુ) રાખવા તથા વેચાણ માટે સુરક્ષિત મકાનમાં અને ફટાકડા (દારૂખાનુ) સળગી ન ઉઠે તે રીતે ત્રણ બાજુથી બંધ હોય તેવા સિમેન્ટ કે ગેલ્વેનાઈઝનાં પતરાનો કામચલાઉ શેડ કરવાનો રહે છે. ફટાકડા (દારૂખાનુ) રાખવા નિયત થાય તે જગ્યા પર આ શેડ તૈયાર કરી ફટાકડા (દારૂખાનુ) રાખવા તથા વેચાણ કરવા માટે નિયત નમૂના નં.એલ.ઈ.૫ ફોર્મ નં.એ.ઈ.૫માં અરજી કરી લાયસન્સ મેળવવું ફરજિયાત છે.

આથી, લાયસન્સ મેળવવા માંગતા હોય તેમણે નિયત નમૂનાનું આ ફોર્મ વડિયા અને બગસરા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, બગસરા પ્રાંત કચેરી, મુ. બગસરા પિન નં.૩૬૫૪૪૦ જિ.અમરેલી ખાતે તા.૨૨/૯/૨૦૨૫ સુધીમાં ત્રણ નકલમાં મોકલવું.

નિયત નમૂના અરજી ફોર્મ નં.એ.ઈ.૫માં અરજી કરવા સાથે તમામ વિગતો સચોટ રીતે સુવાચ્ય હોય તેમ કરવું. અરજી પર અરજદારએ પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો એક ફોટોગ્રાફ અચૂક લગાડવો. આ અરજી પર રૂ.૩ ની કોર્ટ ફી સ્ટેમ્પ અચૂક લગાડવી.

અરજી પર લાઈસન્સ ફી રૂા.૯૦૦/- (અંકે રૂપિયા નવસો પૂરા) "૦૦૭૦-૬૦-૧૦૩-૦૦" (અન્ય વહીવટી સેવાઓ, રિસીપ્ટ અંડર એકસ્પ્લોઝીવ્સ એકટ વિગેરે) સદરે ચલણથી સરકારમાં જમા કરાવી અરજી સાથે અસલ ચલણ ફરજિયાત સામેલ રાખવું. અરજદારએ સૂચિત સ્થળનાં બ્લુ પ્રિન્ટ નકશામાં સહી કરી અરજી સાથે ૩ (ચાર) નકલમાં અને સૂચિત સ્થળ માલિકી / ભાડા હકકે ધરાવતાં હોવા અંગેનાં આધાર પુરાવાઓ બિનચૂક સામેલ રાખવા.

આ અંગે વિગતવાર માર્ગદર્શન મેળવવા બગસરા પ્રાંત કચેરીનો સંપર્ક કરવો તેમ બગસરા પ્રાંત અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.


સ્થાપના વર્ષ : ૧૯૫૯
શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
**શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ**
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી (ગુજરાત)/સંપર્ક: 909-909-8220



જ્ઞાનશકિત સ્કૂલ, પૂર્વ-પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (નર્સરી થી ધો:૧૨ સાયન્સ-કોમર્સ-આર્ટ્સ) ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને મિશ્ર માધ્યમ

**શૈક્ષણિક સંસ્થામાં પ્રતિભાશાળી સ્ટાફ જોઈએ છે. આકર્ષક પગારથી**

| ક્રમ | વિષય | લાયકાત |
|---|---|---|
| ૧. | કો-ઓર્ડીનેટર | શાળાકીય વિષયોમાં સ્નાત S+B.Ed લાયકાત સાથે ૫ વર્ષનો અનુભવ |
| ૨. | ગણિત/વિજ્ઞાન | B.Sc./M.Sc.,B.Ed. સાથે ૨ વર્ષનો અનુભવ |
| 3. | અંગ્રેજી/સંસ્કૃત | B.A./M.A.,B.Ed. સાથે ૨ વર્ષનો અનુભવ |
| ૪. | સામાજીક વિજ્ઞાન | B.A./M.A.,B.Ed. સાથે ૨ વર્ષનો અનુભવ |
| ૫. | હિન્દી/ગુજરાતી | B.A./M.A.,B.Ed. સાથે ૨ વર્ષનો અનુભવ |
| ૬. | આર્ટ એન્ડ ક્રાફ્ટ | A.T.D. અને ફાઈન આર્ટ્સ |
| ૭. | સ્પોર્ટ્સ ટીચર | B.P.Ed/D.P.Ed. સાથે અનુભવ |
| ૮. | ગૃહમાતા/ગૃહપતિ | સંપૂર્ણ રીતે છાત્રાલય વ્યવસ્થાપનનાં અનુભવી |
| ૯. | સાયન્સ પ્રવાહ | B.Sc./M.Sc.B.ed.Physics/Chemistry/Biology/Maths. સાથે ૨ વર્ષનો અનુભવ |
| ૧૦. | કમ્પ્યુટર ટીચર | PGDCA/BCA/B.SC.IT. સાથે અનુભવ |
| ૧૧. | કોમર્સ પ્રવાહ | B.Com./M.Com.B.Ed.A.C./State સાથે ૨ વર્ષનો અનુભવ |
| ૧૨. | નોન-ટીચિંગ સ્ટાફ | ગ્રેજયુએશન કમ્પ્યુટરના જાણકાર સાથે ૧ વર્ષનો ઓફિસ વર્કનો અનુભવ |

**શૈક્ષણિક સ્ટાફ : T.E.T/T.A.T.પાસ ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે.**

ઉમેદવારો માટે : (૧) સરકારી ધારા ધોરણ મુજબ લાયકાત (૨) અંગ્રેજી ભાષા પર સારો કમાન્ડ જરૂરી (૩) લાયક ઉમેદવાર માટે આકર્ષક પગાર (૪) શિક્ષકો માટે તાલીમ ફરજીયાત (૫) કમ્પ્યુટર અને ઈન્ટરનેટનું સારૂ જ્ઞાન જરૂરી (૬) વિશિષ્ટ લાયકાત અને બહોળો અનુભવ ધરાવતા કેન્ડીડેટને અગ્રીમતા આપવામાં આવશે. (૭) બહારથી આવતા કેન્ડીડેટને માટે રહેવા-જમવાની વ્યવસ્થા આપવામાં આવશે. (૮) તમારી અરજી સંબંધિત તમામ શૈક્ષણિક દસ્તાવેજો સાથે તમારૂ CV/Resume ઈ-મેઈલ કરો અથવા અમારી સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.

vidyasabhaofficail@gmail.com /www.vidyasabha.com/Mo.909-909-8220

# આઝાદીનાં ૭૮ વર્ષ બાદ ધારાસભ્ય મહેશ કસવાલાનું ઐતિહાસિક કાર્ય

# સાવરકુંડલામાં બોર આધારિત પાણી વિતરણ વ્યવસ્થા બનશે ભૂતકાળ

**આગામી બે મહિનામાં શેલ દેદુમલ જળાશયમાંથી પીવાના પાણીનું વિતરણ શરૂ કરી દેવાશે**

**એક લાખ કરતાં વધુ શહેરીજનોને ક્ષારયુક્ત પાણી પીવામાંથી છુટકારો**

**સાવરકુંડલાને સુવર્ણ કુંડલા બનાવવાનાં ભાગરૂપે વધુ એક ઉમદા કાર્ય**

**પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી સહિતની ટીમ દિવસ-રાત વિકાસ માટે પ્રયત્નશીલ**



સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલાથી હાથસણી શેલ દેદુમલ સુધીની કુલ સાડા સાત કિલોમીટર લાંબી લાઈન દ્વારા શહેરમાં ભારે ટીડીએસ મુકત શુદ્ધ પાણી પહોંચાડવાનું કામ તેજ ગતિએ પૂર્ણતા તરફ છે. ત્યારે ટૂંક સમયમાં જ સાવરકુંડલાના નાગરિકોને ફિલ્ટર વાળું, ભારે ટીડીએસ મુકત અને શુદ્ધ પાણી પીવા માટે ઉપલબ્ધ થશે. આ એક ઐતિહાસિક કાર્ય સાબિત થશે , જે સાવરકુંડલા શહેરના આરોગ્ય, સ્વચ્છતા અને ભવિષ્ય માટે અત્યંત મહવપૂર્ણ હશે. આમ લગભગ સાંઈઠ જેટલાં વર્ષોથી સાવરકુંડલા નગરપાલિકા દ્વારા બોર આધારિત પાણી વિતરણ હવે બનશે ભૂતકાળ. આ સમસ્યાનું નિરાકરણ લાવી નાગરિકોને શુદ્ધ પાણીની સુવિધા પ્રાપ્ત થવામાં હવે ખૂબ ઢુકડું છે.

આ સંદર્ભે સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી સાથે વાત થતાં તેમણે જણાવ્યું હતું કે લગભગ દિવાળી સુધીમાં આ કામ પૂર્ણ થશે. એટલે વર્ષોની સમસ્યા હલ થવાને હવે દિવાળી સુધીનો સમય છે એમ કહી શકાય. ખરાં અર્થમાં આવી દીર્ઘદ્રષ્ટિ સાથેની યોજના સાવરકુંડલાને મળે એ માટેના તનતોડ પ્રયાસો સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ કરેલ શહેરીજનો તેના પણ ઋણી રહેશે.

### સાતલડી નદીનાં પટ્ટમાં બન્યો બનાવ

## બગસરાનાં જેઠીયાવદર ગામે નદીમાં ઘેટાનુ અજગર ભરડાથી થયુ મોત

**ઘેટાને બચાવવા પશુપાલકે કરેલ જહેમત નિષ્ફળ રહી**

બગસરા, તા.૨૬

બગસરા તાલુકાના જેઠીયાવદર ગામની સાતલડી નદીમાં પાણી પીવા ગયેલ એક ઘેટુ નદીમાં છુપાઈને બેઠેલા અજગરનો શિકાર બનતાં આ ઘેટાંને બચાવવા માટે થઈ પશુપાલકે તનતોડ મહામહેનત કરવા છતાં આ ઘેટાંને બચાવી શકાયું ના હતું. બાદમાં સ્થાનિક લોકોએ વનવિભાગને જાણ કરી અજગરનું રેસ્કયુ કરવા રજૂઆત કરી હતી.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ બગસરા તાલુકાના જેઠીયાવદર ગામે રહેતા વાલાભાઈ નામના માલધારી આજે જેઠીયાવદર ગામની સીમમાં પોતાના ઘેટાં બકરા ચરાવી રહયા હતા. ત્યારે ત્યાં નજીકમાં આવેલ સાતલડી નદીમાં ઘેટાં બકરા પાણી પીવા ગયેલ હતા. ત્યારે નદીમાં છુપાઈને બેઠેલા એક અજગરે ઓચિંતી જ એક તરાપ મારી પાણી પી રહેલા એક ઘેટાને અજગરે દબોચી લીધું હતું. ઘેટાંને અજગરે દબોચી લેતાં અન્ય ઘેટાં બકરા ત્યાંથી દુર ખસી ગયા હતા.



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

જયારે અજગરના ભરડામાંથી છુટવા માટે ઘેટાંએ ખુબ તરફડીયા માર્યા હતા. અને અજગરની ચુંગાલમાંથી છૂટવાના નિષ્ફળ પ્રયત્નો ઘેટાં કરતું હોય અને અજગર પોતાની ભુખ મીટાવવા મથતો હોય. તેવો પણ એક વિડિઓ પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થવા પામેલ છે.

અજગરે પોતાના ઘેટાંને દબોચી લેતાં આ ઘેટાંને બચાવવા માટે

અનુસંધાન પાના ૬ ઉપર

### ગુન્હો બને તે પહેલા વનતંત્રની કામગીરી

## લીલીયા મોટા : વન્ય પ્રાણી સસલાનો શિકાર કરવાની કોશિષ કરનારને ૨૫ હજારનો દંડ

**સ્ટાફના ફેરણા દરમિયાન એક ઈસમ ઝડપાયો**



લીલીયા, તા. ૨૬

લીલિયા વન્યજીવ રેંજના લીલીયા રાઉન્ડની લીલીયા બીટના અંટાળીયા ગામના ગૌચર વિસ્તારના સ્થળે સ્ટાફના ફેરણા દરમિયાન ઈસમ મહેશભાઈ રામજીભાઈ જીલીયા રહે-નીલવડા તા. બાબરા, હાલ. અંટાળીયા જી. અમરેલી દ્વારા ગેરકાયદેસર રીતે વન્યપ્રાણી સસલાનો જાળ (મેવટા) નંગ

અનુસંધાન પાના ૬ ઉપર

### અજાણ્યા ઈસમે કર્યુ કારસ્તાન

## વીજપડીનાં વેપારીનાં બેન્ક ખાતામાંથી રૂપિયા ૧.૯૯ લાખની ઉઠાંતરી કરાઈ

**આરટીઓ ચલણનાં નામે મો. નં. મેળવી ઠગાઈ કરી**

અમરેલી, તા. ૨૬

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે રહેતા એક વેપારીના મોબાઈલના નંબર વોટસએપમાં કોઈ અજાણ્યા નંબર પરથી આરટીઓ ચલણ નામની ફાઈલ મોકલેલ હોય. જેના દ્વારા આ કોઈ અજાણ્યા ઈસમ વેપારીનો ફોન હેક કરી વેપારીના બેંક એકાઉન્ટમાંથી જુદી જુદી રકમના ટ્રાન્જેકશન કરી રૂપિયા ૧,૯૯,૯૫૯ ઉપાડી લઈ વેપારી સાથે ઠગાઈ કર્યા અંગેની

અનુસંધાન પાના ૬ ઉપર

### અલગ-અલગ સમયે ઊંચા વ્યાજે નાણા ધીરી

## રાજુલાનાં વેપારી યુવક પાસેથી પઠાણી ઉઘરાણી કરનાર ૫ વ્યકિત વિરૂધ્ધ ફરિયાદ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૬

રાજુલા ગામે રહેતા આરોપી નાગરાજભાઈ કોટીલા, જયરાજભાઈ, વિશાલદાદા તથા બાબુભાઈ બારોટ તથા રાજુલા તાલુકાના વડલી ગામે રહેતા લાલભાઈ સહિત ૫ ઈસમોએ રાજુલા ગામે આવેલ ખોડીયાર માતાજીના મંદિર પાસે રહેતા પ્રદીપભાઈ રવજીભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### ઓપરેશન સિંદુરની સ્વાભિમાન યાત્રા દરમિયાન

## જાફરાબાદનાં ચિત્રાસર નજીક કારના કાફલાએ હડફેટે લેતા ૨ વ્યકિત ઈજાગ્રસ્ત

**બંને ઈજાગ્રસ્ત ઉનાનાં માણેકપુર ગામના હોવાનુ ખુલ્યું**

અમરેલી, તા. ૨૬

જાફરાબાદનાં ચિત્રાસર ગામ નજીક ભાજપ દ્વારા આયોજિત ઓપરેશન સિંદુરની સ્વાભિમાન યાત્રા દરમિયાન પસાર થતાં કારનાં કાફલા હડફેટે આવી જવાથી બાઈક સવાર ૨ વ્યકિત ઈજાગ્રસ્ત થતા બંનેને પ્રાથમિક સારવાર રાજુલા અપાયા બાદ બંનેને વધુ સારવાર અર્થે ભાવનગર ખાતે અસેડવામાં આવેલ હોવાનુ જાણવા મળેલ છે.

બાઈક સવાર ઉનાનાં માણેકપુર ગામનાં હોવાનુ પણ જાણવા મળેલ છે.

કિષ્ના ડાઈનીંગ હોલ
Krishna Dining Hall
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પૂરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : કિષ્ના કેટરર્સ કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
90,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૬/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
6354973131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## શ્રી લીલીયા મોટા ક્રેડીટ કો.ઓ. સોસાયટી લી.

''સહકાર ભવન'' રજી. નં.૨૯૮૦૯, તારીખ : ૩૧/૭/૧૯૯૮

મુ.તા.લીલીયા મોટા, જિ.અમરેલી. મો.૯૪૨૭૪૭૨૬૫૧/મો.૯૮૨૪૯૧૬૨૧૬/મો.૯૯૦૪૬૨૧૩૪૫

### :: ૨૭મી વાર્ષિક સાધારણ સભા ::

**શ્રી લીલીયામોટા ક્રેડિટ કો.ઓ.સોસાયટી લી.ના સર્વે સભાસદોને સવિનય જણાવવામાં આવે છે કે, આ સોસાયટીની ૨૭મી વાર્ષિક સાધારણસભા તા.૮/૯/૨૦૨૫ને સોમવારના રોજ નીચે જણાવેલ સ્થળે અને સમયે મળશે તો સર્વે સભાસદોએ સમયસર હાજરી આપવા વિનંતી.**

**:: એજન્ડા ::**

(૧) સાધારણ સભાનાં પ્રમુખશ્રીની વરણી કરવા બાબત.
(૨) ગત સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલી આપવા બાબત.
(૩) ડીરેકટર બોર્ડ તા.૩૧/૩/૨૦૨૫ના વાર્ષિક હિસાબો મંજુર કરેલ છે. તેને બહાલી આપી નફાની ફાળવણી કરી ડિવીડન્ડ તથા બોનસ વહેચવા બાબત.
(૪) મુદ્દત વિતેલ બાકીદારો સામે કાયદાકીય કાર્યવાહી કરવા બાબત.
(૫) સંસ્થાનું થયેલ ઓડીટ નાદુરસ્તી રિપોર્ટ વંચાણે લઈ તેને બહાલી આપવા બાબત.
(૬) સભાસદ કલ્યાણ ફંડમાંથી સભાસદોને મદદ આપવા બાબત.
(૭) સંસ્થાનું સને.૨૦૨૫-૨૬નું અંદાજપત્ર નક્કી કરવા બાબત.
(૮) વર્ષ દરમ્યાન મળેલ ડિરેકટર બોર્ડની મીટીંગને બહાલી આપવા બાબત.
(૯) સંસ્થાના કર્મચારીઓની ફરજો અને જવાબદારી નકકી કરવા બાબત.
(૧૦) સંસ્થાનો ડેડસ્ટોક, દફતર તથા સિલીકની જવાબદારી નકકી કરવા બાબત.
(૧૧) કર્મચારીઓના જામીનની હયાતી તથા સધ્ધરતાની ખરાઈ કરવા બાબત.
(૧૨) પ્રમુખ સ્થાનેથી અન્ય રજુ થાય તે.

| સ્થળ : પટેલ વાડી, લાઠી રોડ, લીલીયા મોટા | સમય : બપોરના ૪:૦૦ કલાકે | તારીખ : ૦૮/૦૯/૨૦૨૫ સોમવાર |
|---|---|---|

**સ્થળ પર અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.**

**નકલ સવિનય રવાના :-**
(૧) શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સ.મ.અમરેલી
(૨) શ્રી જનરલ મેનેજર સાહેબ, સી.ઈ.ઓ.અ.જી.મ.સ.બેંક અમરેલી
(૩) શ્રી બ્રાન્ચ મેનેજર સાહેબ, અ.જી.મ.સ.બેંક, લીલીયા શાખા,

**:: ડીરેકટર બોર્ડવતી નિમંત્રક ::**

| મગનભાઈ એચ.વિરાણી | બાબુભાઈ સી.ધામત | અરૂણભાઈ એમ.પટેલ |
|---|---|---|
| મેનેજીંગ ડીરેકટરશ્રી | વાઈસ ચેરમેનશ્રી | ચેરમેનશ્રી |

**શ્રી લીલીયા મોટા ક્રેડીટ કો.ઓ.સોસાયટી લી. - લીલીયા મોટા**

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ The King of catering service સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૪૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.8000086331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

ફિઝિશિયન વિભાગ
• હદયના એટેકની સારવાર.
• તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન), વીંછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ.
• ક્રીટીકલ અને આઇ. સી. યુ. ના દર્દીની સારવાર
• બધા પ્રકારના વા ની સારવાર
• બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર.
• ડેન્ગ્યુ, મેલેરીયા, ટાઈફોઈડ તથા તમામ પ્રકારના તાવનું નિદાન અને સારવાર.
• ન્યુમોનિયા, ટીબી, શ્વાસ(દમ) તથા ફેફસાના રોગોનું નિદાન અને સારવાર.
• પેટના રોગો, ઝાડા, ઉલટી, કોલેરા વગેરે રોગોનું નિદાન અને સારવાર આધાશીશી,
• અનિંદ્રા, બેચેની, ચક્કર, શરીરની નબળાઈ (weakness), ખાલી ચડવી, નસના દુખાવા તથા કોરોનાનું નિદાન અને સારવાર.
• પેરાલીસીસ (લકવો) નું નિદાન અને સારવાર તથા ખેંચની સારવાર ઉપલબ્ધ.
• કિડનીના રોગો, લીવરના રોગો, થાઈરોઈડ, કમળો, સંધીવા વગેરે રોગોનું નિદાન અને સારવાર રાહત દરે ઉપલબ્ધ.
24x7 Emergency Services
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
ડૉ. મનીષ કુમાર
(MBBS., M.D. Medicine)
Consultant
Physician & Cardio- Diabetologist
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ (ગોળ દવાખાનુ) મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત ઇન્ડિયા. ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
ઉપલબ્ધ સુવિધા
અતિ આધુનિક સુવિધાયુક્ત આઇ.સી.યુ તથા વેન્ટિલેટરની સુવિધા | એક્સ-રે તથા ઇ.સી.જી. મેડિકલ સ્ટોર | લેબોરેટરી | 24x 7 તાત્કાલિક સારવાર | એમ્બ્યુલન્સની સુવિધા

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)